Ekatra Foundation

વર્ષ ૩ । અંક ૨૨ । ફેબ્રુઆરી ૨૦૧૭

# સંચયન

સાંપ્રત સાહિત્ય-વિચાર-જગતની ઝલક આપતું સામયિક




સંપાદક : રમણ સોની

Ekatra Foundation

એકત્ર ફાઉન્ડેશન સલાહકાર અધ્યક્ષ : સિતાંશુ યશશ્ચંદ્ર

મુદ્રિત સાહિત્યનું વીજાણુ સાહિત્યમાં રૂપાંતર અને વિસ્તાર ઝંખતી સંસ્થા

# સંચયન


**સંપાદક : રમણ સોની**

18 Hemdeep Society, O P Road, Vadodara • phone: 91-9228215275 • email ramansoni46@gmail.com

**પ્રકાશક : અતુલ રાવલ**

608 Poplar St., Durham, NC 27703 - USA, phone: 704-756-1325 • email : atulraval@ekatrafoundation.org

**તંત્ર-સંચાલક : રાજેશ મશરૂવાળા**

email : mashru@ekatrafoundation.org


- **મુદ્રણ-અંકન (ટાઇપસેટ): મહેશ ચાવડા**
- **ડીઝાઇન અને નિર્માણ : અતુલ રાવલ**
- **લેઆઉટ - પરિકલ્પના : રમણ સોની**

અમારી વેબસાઈટ:

www.ekatrafoundation.org

આ વેબસાઈટપર અમારાં વી-પુસ્તકો તથા ‘સંચયન’નાં તમામ અંકો વાંચી શકાશે.

ઇ-મેઇલના માધ્યમથી ‘સંચયન’ સૌ મિત્રોને વિના મૂલ્યે મોકલવામાં આવે છે. આપનું, મિત્રોનું e-mail ID જણાવવા વિનંતી.

- વીજાણુ સામયિક ‘સંચયન’ દર બે માસે ફેબ્રુઆરી, એપ્રિલ, જૂન , ઓગસ્ટ, ઓક્ટોબર અને ડિસેમ્બરની છેલ્લી તારીખોમાં પ્રકાશિત થાય છે.
- ‘સંચયન’ માટેનાં લખાણોની પસંદગી સંપાદક દ્વારા, મુદ્રિત ગુજરાતી સામયિકો અને ગ્રંથોમાંથી જ કરવામાં આવે છે. એ રીતે એ વી-ડાયજેસ્ટ સામયિક છે. ઉપરાંત તેમાં પસંદ કરેલી કૃતિઓનું પઠન-ધ્વનિઅંકન તેમજ ચિત્રકળાકૃતિઓ પણ મૂકવામાં આવે છે.
- ‘સંચયન’માં પ્રકાશન માટે પસંદ કરેલી કૃતિઓના લેખકો – ચિત્રકારોની સંમતિ લેવામાં આવે છે.
- Navigation: અનુક્રમમાંના કોઇપણ લખાણ પર સીધા જ જવું હોય તો અનુક્રમમાંની તે વિગત પર ક્લીક કરશો.

# અ નુ ક્ર મ

સંચયન ૨૨ : ફેબ્રુઆરી ૨૦૧૭


૧ સંપાદકનું કથન – રમણ સોની

૨ માને પત્રો – સિલ્વિયા પ્લાથ, અનુ. હિમાંશી શેલત (આત્મકથન)

૩ કાવ્યસમુચ્ચય : ૭ કાવ્યો – હરીન્દ્ર દવે (કવિતા)

૪ ટોપીઓ ભરતી સ્ત્રીઓ – ગિરીશ ભટ્ટ (વાર્તા)

૫ સુંદરી પર નિછાવર 'સુંદરી' – રજનીકુમાર પંડ્યા (ચરિત્ર )

૬ કવિતા લખવી એટલે ... – દિલીપ ઝવેરી (કવિતા)

૭ ભીલ સંસ્કૃતિ અને ચિત્રકળા – અંજલિ વિરલ શાહ (લેખ)

૮ થોડાક દંપતીપ્રકારો – ન. પ્ર. બૂચ (હાસ્ય)

૯ 'સુભાષિત-સૌરભ' અને 'ફળની વેરાએ ...' વિશે – રમણ સોની (અવલોકન)

૧૦ ચંદ્ર : કેટલાંક ચિત્રો – નીતિન મહેતા (કવિતા)

૧૧ બૅંક – રમેશ કોઠારી (પ્રતિ-કથા)

૧૨ 'એકત્ર'નો ગ્રંથ-ગુલાલ

# સંપાદકનું કથન



મિત્રો,

ગયા મહિને બારડોલીના નવ-લેખક-વર્તુળ સામે એક ગોષ્ઠિ-વાર્તાલાપ કરેલો. એમાંથી કેટલુંક તારવીને અહીં મૂકું છું.

○

આપણે સૌ લેખકો. શબ્દ સાથે કામ પાડનારા, આજે આપણે આપણા વ્યવસાયની કેટલીક ખાનગી અને કેટલીક જાહેર વાતો કરીશું.

આપણે લેખકો એ ખરું, પણ વાચકો વિના આપણું બધું નકામું. વાચક વિના નર્યો લેખક હોઈ શકે નહીં. વાચકની ખુમારી સમજવા માટે આપણે નરસિંહ મહેતા પાસે જઈએ. નરસિંહ કહે છે કે, ઈશ્વર, આ સૃષ્ટિ તારી છે, તેં રચી છે એ ખરું પણ ભક્ત વિના તારું અસ્તિત્વ નથી –

*હું ખરે તું ખરો, હું વિના તું નહીં,*
*હું રે હઈશ તાંહાં લગી તું રે હઈશે,*
*હું જતે તું ગયો...*

નરસિંહે કેવી ઊંડી ને માર્મિક વાત કરી! ઈશ્વર જેમ સર્જક છે, એમ કળાસર્જક પણ ઈશ્વર હોઈ શકે, પણ શિવ-જીવનો જેવો સંબંધ છે એવો જ સર્જક-વાચકનો સંબંધ છે. એકોહં બહુસ્યામ્‌ની વેદવાણીને કવિ તરીકે નરસિંહ આ રીતે મૂકે છે –

*વિવિધ રચના કરી અનેક રસ લેવાને,*
*શિવ થકી જીવ થયો એ જ આશે.*

‘અનેક રસ લેવાને’ માટે સર્જક કૃતિ જ નહીં, વાચક પણ સર્જે છે...

○

એ તો બરાબર. પણ મારે એક બીજી વાત પણ કહેવી છે જે આજની ગોષ્ઠિ માટે વધારે મહત્ત્વની છે.

જેમ લેખકને માટે વાચકનું હોવું જરૂરી છે એમ જ લેખકનું પોતાનું પણ વાચક હોવું જરૂરી છે. સૌથી પહેલાં તો આપણે વાચક છીએ, એ પછી જ લેખક છીએ.

એટલે કે લેખક બનવાની પૂર્વશરત છે – વાચક હોવું એ.

કેટલાક લેખકો લેખક બન્યા પછી વાચક મટી જતા હોય છે! (વાંચવાંચ કરીએ તો લખીએ ક્યારે?) પરંતુ લેખક હોય એને વાચક બનવાનું છોડી દેવાનું પાલવે જ નહીં. એમના કામમાં પછી કશો કસ જ ન રહે.

જે ઉત્તમ લેખક હોય છે એ અઠંગ વાચક પણ હોય છે. વાચન સમજ અને સંવેદનની ક્ષિતિજો એટલી વિસ્તારે છે કે એનું તેજ પછી લેખનમાં પણ વરતાય છે. વિદ્વાન કે વિવેચક માટે જ નહીં, કવિતા-વાર્તાના સર્જક માટે પણ વાચનનું એટલું જ મહત્ત્વ છે. મોટો સર્જક એ વિદગ્ધ – વિદગ્ધ એટલે જાણકાર, વૅલ રેડ હોય છે. નાનો સર્જક એની સંકડાશમાં જ ફર્યા કરતો હોય છે.


નવા લેખકમિત્રોને મારે પ્રેમપૂર્વકનું કહેવાનું છે કે તમે કવિતા લખતા હો તો આપણી ભાષાની ઉત્તમ કવિતા સતત વાંચતા રહો, વાર્તાકાર હો તો ઉત્તમ વાર્તાઓનું સેવન કરતા રહો. વળી, થોડોક વધારે શ્રમ કરીને બીજી ભાષાનું, અંગ્રેજી અને સંસ્કૃતનું પણ ઉત્તમ હોય તે વાંચો.

અચ્છા, આપણે વાંચીએ ત્યારે માત્ર વાંચવાનું હોતું નથી. જે સર્જક છે તે વાચકની રીતે પણ વાંચે ને એક સર્જકની રીતે પણ વાંચે. જેમકે, જે નૃત્ય શીખે છે તે, નૃત્યનો કાર્યક્રમ જોતી વખતે નૃત્યકારના એક એક પગલાને, એક એક સ્ટેપને, ને એક એક ભંગિમાને જુએ છે. વેઈન બૂથ નામના એક સંશોધકે Craft of Research (સંશોધનનો કસબ) નામનું પુસ્તક લખ્યું છે એમાં એક સરસ વાત લખી છે. એ કહે છે Read Critically. ક્રિટીકલી એટલે જે કંઈ વાંચતા જાઓ એને તપાસતા પણ જાઓ – લખનારે કેવા મુદ્દા ઉપસાવ્યા છે, પોતાની વાતના સમર્થન માટે કેવી દલીલો રજૂ કરી છે, કેવા દાખલા આપ્યા છે, કેવી ભાષામાં લખ્યું છે – એ બધું જોતાં જવું.

જેમકે આપણે ગઝલ લખતા હોઈએ તો આપણી ભાષાની ઉત્તમ ગઝલો આનંદ ખાતર તો વાંચીએ જ, પણ એમાં છંદ-લય-પ્રાસ, એની કલ્પનાવલિ, એની શરૂઆતની છટા – એ બધું પણ ઝીણવટથી જોતા જવું જોઈએ.

કેમ? તો કે કોઈપણ Art (કળા) એ મૂળભૂત રીતે creation (સર્જન) છે પણ અંતે તો એ Craft (કસબ) પણ છે – All art is artifice છે, કારીગરી છે. કોઈ એક કારીગરને, દાખલા તરીકે, સુથારને જુઓ. સુથારનો આગ્રહ પરફેક્શનનો હોય છે, એકદમ પૂરી ચોકસાઈનો. રંધો મારીને એ દરેક વાર લાકડાને બરાબર જોઈ લે છે, સરખું થયું છે ને! તમે કડિયાને કામ કરતો જોયો હશે. દીવાલ ચણતી વખતે, પાંચ-દસ ઈંટો ચણીને તરત જ ઓળંભો મૂકશે – વાંકુંચૂકું નથી જતું ને? આપણે કદી ગઝલનો એક શેર લખીને કે પાંચ દસ વાક્યો લખીને તપાસીએ છીએ ખરા કે છંદ-લયની રીતે ભાષાની રીતે બધું સરખું ચાલી રહ્યું છે કે નહીં? ના. આપણા કેટલાક કવિઓ બીજા કવિઓની કવિતા તો વાંચતા નથી જ, પોતાની પણ બીજી વાર વાંચતા નથી! બીજા સમવયસ્ક લેખકોનું ને વરિષ્ઠ લેખકોનું વાંચતા રહેવાનો ને પોતાના લખાણને સતત જોતા-સુધારતા રહેવાનો આનંદ પણ હોય છે ને એથી આપણી સર્જકતા મંજાતી રહેવાની, પરિણામે સમૃદ્ધ રહેવાની.

એટલે શ્રમનો બહુ મહિમા છે કલાકૃતિની રચના કરવામાં. બળવંતરાય ઠાકોરે કહેલું કે, સર્જનાત્મક લખાણમાં, કવિતામાં ૮૫% હિસ્સો તો શ્રમનો, કાળજીનો, સજ્જતાનો છે. સજ્જતા એટલે આ – છંદવિધાન, લયવિધાન, નિરૂપણ, સંકલન, આયોજન. એ બધાની ચુસ્ત કાળજી વિના કલા-કૃતિ થાય નહીં. કળા માનવસર્જિત સૌંદર્ય છે – પ્રકૃતિનું લીલાસૌંદર્ય નથી.



# માને પત્રો

## સિલ્વિયા પ્લાથ, અનુ. હિમાંશી શેલત

[૧૯૩૨માં અમેરિકામાં જન્મેલી લેખિકા સિલ્વિયા પ્લાથે ત્રીસ વર્ષની વયે આત્મહત્યા કરી જીવન પર પૂર્ણવિરામ મૂકી દીધું. ટેડ હ્યુજ નામના સુખ્યાત કવિ સાથે સ્નેહલગ્ન. પછીનાં સાતેક વર્ષ અત્યંત પ્રસન્નતામાં, બે બાળકોનો જન્મ અને લગ્નજીવનમાં ક્ષુબ્ધતા. અભ્યાસકાળથી માંડીને આત્મહત્યા કરી તેના અઠવાડિયા પહેલાંયે સિલ્વિયા એની માને પત્રો લખતી રહી. એના લાંબા પત્રો દર્શાવે છે કે જીવનની ક્ષણેક્ષણ એ એની મા સાથે જીવી, સ્થૂળ અંતર હોવા છતાં, પોતાનું લેખન, આદર્શો, રાગ-વીતરાગ, પ્રશ્નો, પ્રવૃત્તિ, બનાવો આનંદ-વિષાદ – શું નથી વહેંચ્યું એણે એની મા સાથે? પત્રો થકી માને હૃદયસરસી રાખવાની આવી થોડીક વિરલ ઘટનાઓમાંની આ પણ એક. મા એની મોટામાં મોટી મિત્ર હતી, અંતરંગ નિરપેક્ષ.

અહીં ભરપૂર આનંદ અને પછી ઊંડી વેદનાવાળી સિલ્વિયાની મનોદશા વ્યક્ત કરતા, માને લખાયેલા, બે પત્રોના સંક્ષિપ્ત અંશોનો અનુવાદ પ્રસ્તુત છે. --હિમાંશી શેલત]

વહાલી મા,

તું મને અત્યારે જોઈ શકે તો કેવું સારું! સ્વેટર, સ્લેક્સ, મોજાં, હાથમાં ગરમાગરમ કૉફીનો મગ, અને સામે મોટીમોટી ત્રણ બારીઓ જ્યાંથી બહાર ફેલાયેલાં લીલાંછમ મેદાનો, ટેકરીઓ, એકમેકમાં ભળતી – અલગ થતી કાળા પથ્થરોની દીવાલો, માંહે ચરતાં ઘેટાં, ધોળી-બદામી ગાયો... ઉત્તરના શીળા પવનના સપાટાથી રક્ષણ મેળવવા તાપણાં બળતાં જ રાખવાં પડે... આ એક અદ્‌ભુત લેન્ડસ્કેપ છે... માની ન શકાય એટલો મનોરમ લીલાવિસ્તાર, ટેકરીઓ, ખીણો, વૃક્ષો અને ઝરણાંઓથી ભર્યોભર્યો.




...જીવનમાં આટલી ખુશખુશાલ હું ક્યારેય નહોતી! આવી શાંત અને એકાંત જગ્યામાં વાંચવા-લખવાનું મળ્યું એ અદ્‌ભુત છે! ટેડ અને હું છેવટે ‘ઘર’ ભેળાં થયાં ખરાં...



ટેડનો પરિવાર મજાનો છે. યોર્કશાયરનાં સીધાં-સરળ માનવીઓ. મને એ બંને ખૂબ ગમે છે... અને મને લાગે છે કે એમનેય હું પસંદ છું...

ગઈ રાતે ટેડ અને હું જંગલમાં ભમવા ગયેલાં. ટેકરીઓ પરથી દડતાં ઝરણાં અને ઉપર ઝળૂંબતી ડાળીઓ! અમે લગભગ ખીણમાં પડ્યાં એમ જ કહેવાય... ડાળીઓ પર ઝૂલતાં ઝૂલતાં મેં સ્વચ્છ પ્રકાશ અને સુવર્ણરંગી આકાશ દીઠું... અને ગઈ કાલે સવારે એક સારા સમાચાર, બોલ, શું ધારે છે? 'એટલાન્ટીક'ના તંત્રીનો પત્ર અને સાથે ચેક, મારા કાવ્ય 'પરસ્યૂટ' માટે, જે મેં તને તો વાંચવા માટે મોકલ્યું જ હતું. અને એમનો કાગળ પણ એટલો સરસ....

તું મને ખૂબ વ્હાલી છો, મા! વોરેનને (ભાઈ) સ્નેહભરી યાદ...

ખૂબ ખૂબ પ્રેમ સાથે,

સિલ્વી

વ્હાલી મા,

...ટેડથી કાયદેસર અલગ થવાની ઇચ્છા છે એ જાણીને તને કોઈ મોટા આશ્ચર્ય કે આઘાતનો અનુભવ નહિ થાય એમ માનું છું. હું ડિવોર્સમાં નથી માનતી અને મેં એનો વિચારસુધ્ધાં ન કર્યો હોત પણ જે પ્રકારનું આત્મસન્માન વિનાનું અને ત્રસ્ત જીવન ખેંચ્યે રાખું છું એમાં મારાથી વધારે નહિ ટકાય. એને કારણે મારું લેખન સાવ અટકી ગયું છે. ઊંઘ ઊડી ગઈ છે અને તબિયત પર એની માઠી અસર થઈ છે. ...કાયદેસર વ્યવસ્થાની માટે એટલા માટેય જરૂર છે કે જેથી મને મળનારી રકમ ઉપર હું દર અઠવાડિયે ભરવાનાં થતાં બિલો માટે આધાર રાખી શકું. અને ટેડની ગેરહાજરી બાદ કરતાં શક્ય તેટલું ખુશહાલ જીવન જીવી શકું.

...મેં ઘણું જોખમ ખેડ્યું છે છતાં ભીતરથી હું કંગાળ નથી. મારે શહીદી નથી વહોરવી. નવેસરથી આરંભ કરી શકીશ જેથી હું મુક્તપણે જીવનનો આનંદ લઈ શકું. ...એક બાબતમાં તારી મદદ જરૂરી છે. ક્રિસમસ વખતે ફ્રેડા માટે થોડાં ગરમ કપડાં મોકલી શકીશ? નિકોલસ માટે તો પૂરતાં છે. અને હા, મારે માટે વિટામિન સીની મોટી બોટલ. અગાઉ થયેલી એવી ભયંકર શરદીનો બીજો હુમલો મને નહિ પોસાય!

મારાં લગ્નજીવનની કટોકટીની વાત વૉરેન અને માર્ગારિટને (ભાઈ-ભાભી) બાદ કરતાં કોઈને કરીશ નહીં. આમ તો એમનેય કહેવાની જરૂર નથી. આ એકદમ અંગત બાબત છે. તારા પૂરતી જ રાખજે આ વાત... માત્ર આપણી બે વચ્ચે.

... ખરેખર તો તું મને અહીં મળવા આવી ત્યારે તારા દિવસો ખૂબ નિરાંતમાં અને ભરપૂર પ્રસન્નતામાં જાય એવી મારી ખાસ ઇચ્છા હતી. તને કેટલો આરામ આપવાનું મન હતું! આ બધું ન કરી શકી એનો બહુ ચચરાટ છે...

...તમને બધાંને ખૂબ ચાહું છું. મારે બીજું કંઈ નથી જોઈતું. માત્ર મારાં પ્રિય બાળકો સાથે આ મૈત્રીપૂર્ણ શહેરમાં એક મજાનું ઘર હોય એટલે બસ... કૉટેજના સમારકામના ખર્ચનો અંદાજ કઢાવું છું, પછી બાળકોની સંભાળ માટે કોઈકને રાખવાની ધારણા છે જેથી મને જીવવામાં થોડી મોકળાશ રહે...

અઢળક સ્નેહ સાથે,

સિલ્વી

*[પહેલો અક્ષર, સં. હિમાંશી શેલત, ૨૦૦૫]*



## – હરીન્દ્ર દવે



**હરીન્દ્ર જયંતીલાલ દવે** (૧૯-૯-૧૯૩૦ – ૨૩-૩-૧૯૯૫) અનુ-ગાંધીયુગના કેટલાક મહત્ત્વના સર્જકોમાંના એક. એમનાં લયમધુર, કલ્પના-રમ્ય અને પ્રાસાદિક ગીતો અને ગઝલો આજે પણ શ્રવણમધુર લાગે છે. સુગમસંગીતે એ ગીતોને વધુ સ્મરણીય બનાવ્યાં છે. અહીં મૂકેલાં કાવ્યોમાં એવાં કેટલાંક વધુ જાણીતાં ગીતો પણ છે. હરીન્દ્રભાઈના ઘણા કાવ્યસંગ્રહો પ્રગટ થયા, ને સર્વકાવ્યસંગ્રહ પણ થયો.

નવલકથાકાર તરીકે એમની – એમના જ એક ગીતની પંક્તિના શીર્ષકવાળી – 'માધવ ક્યાંય નથી મધુવનમાં' બહુ જાણીતી છે. **હરીન્દ્ર દવે**ની કારકિર્દી એક સજગ સંવેદનશીલ પત્રકાર તરીકેની રહેલી.

### કાનુડાને બાંધ્યો છે હીરના દોરે

કાનુડાને બાંધ્યો છે હીરના દોરે,
બાળુડાને બાંધ્યો છે હીરના દોરે.

કોમળ આ અંગ પરે કાપા પડે છે જેવા
આંગળીથી માખણમાં આંક્યા,
નાનકડાં નેણ થકી ઝરમર ઝરે છે જેવાં
ઢળતાં શીકેથી દહીં ઢાંક્યાં.

એના હોઠ બે બિડાયા હજી તોરે
કાનુડાને બાંધ્યો છે હીરના દોરે.

માથેથી મોરપિચ્છ હેઠે સર્યું, ને સરી
હાથેથી મોગરાની માળા,
આંખેથી કાજળ બે ગાલે જઈ બેઠું
કાનકુંવર શું ઓછા હતા કાળા?

બંધ છોડે જશોદાને ક્હો રે
કોઈ જઈને જશોદાને ક્હો રે
કાનુડાને બાંધ્યો છે હીરના દોરે

# તમે યાદ આવ્યાં

પાન લીલું જોયું ને તમે યાદ આવ્યાં,
જાણે મોસમનો પહેલો વરસાદ ઝીલ્યો રામ,
એક તરણું કોળ્યું ને તમે યાદ આવ્યાં.

ક્યાંક પંખી ટહુક્યું ને તમે યાદ આવ્યાં,
જાણે શ્રાવણના આભમાં ઉઘાડ થયો રામ,
એક તારો ટમક્યો ને તમે યાદ આવ્યાં.

જરા ગાગર ઝલકી ને તમે યાદ આવ્યાં,
જાણે કાંઠા તોડે છે કોઈ મહેરામણ રામ,
સહેજ ચાંદની છલકી ને તમે યાદ આવ્યાં.

કોઈ ઠાલું મલક્યું ને તમે યાદ આવ્યાં,
જાણે કાનુડાના મુખમાં બ્રહ્માન્ડ દીઠું રામ,
કોઈ આંખે વળગ્યું ને તમે યાદ આવ્યાં.

કોઈ આંગણ અટક્યું ને તમે યાદ આવ્યાં,
જાણે પગરવની દુનિયામાં શોર થયો રામ,
એક પગલું ઊપડ્યું ને તમે યાદ આવ્યાં.

# નજરું લાગી

સોળ સજી શણગાર
ગયાં જ્યાં જરીક ઘરની બ્હાર,
અમોને નજરું લાગી!

બે પાંપણની વચ્ચેથી
એક સરકી આવી સાપણ
ડંખી ગઈ વરણાગી.

કાંસા કેરે વાટકડે નજરુંનો ટુચકો કીધો,
હવે ન ઊખડ્યો જાય, થાળીને વળગી બેઠો સીધો,
આવા ન્હોય ઉતાર
  નજરના આમ ન તૂટે તાર
અમોને નજરું લાગી!


તેલ તણી લઈ વાટ અમે દીવાલ ઉપર જઈ ફેંકી,
ખીલી સમ ખોડાઈ ગઈ ત્યાં નવ વાંકી નવ ચૂકી,
જડનેયે આ સૂઝ
તો રૂહેવું કેમ કરી અણબૂજ
અમોને નજરું લાગી!

સાત વખત સૂકાં મરચાંનો શિરથી કર્યો ઉતાર,
આગ મહીં હોમ્યાં ત્યાં કૈં વધતો ચાલ્યો ભાર,
જલતાં તોય ન વાસ
  અમોને કેમ ન લાગે પાસ?
અમોને નજરું લાગી!

## મારા દેશમાં

બાળકને ઊંચે ઉછાળી
મસ્તક પર ઝીલી
એને ધરતી પર ગુલાંટ ખવડાવાય છે,
મારા દેશમાં.
એ જોવાને
અને બાળકે ફેલાવેલી હથેળીમાં
નાનું ચિલ્લર નાખીને
કે પછી એમ ને એમ ટોળું વિખેરાય છે,
મારા દેશમાં.
શરાબી પિતા
અને ચાકરડી માતાનાં સંતાનોને
ફી ન ભરવા માટે
શાળામાંથી કાઢી મુકાય છે,
મારા દેશમાં.
પડઘમ, શરણાઈ અને વાજિંત્રો
સાથે ફાળો ઉઘરાવવા નીકળે છે
અનાથ બાળકોનું સરઘસ
મારા દેશમાં.
ધ્રુવ, પ્રહ્‌લાદ અને નચિકેતાના પાઠો
શાળાઓમાં ભણાવાય છે,
મારા દેશમાં.
ભાવિની પેઢીઓના
ઉદ્ધારકોની ભરતી ચઢી છે,
મારા દેશમાં.
સવારનો ચા-નાસ્તો કરી
પોતાનાં સંતાનોની બધી જ જરૂરિયાતોને સંતોષી
વ્યથિત બાળકોની કવિતા કરે છે
મારા દેશમાં.



## રજકણ

રજકણ સૂરજ થવાને સમણે,
ઉગમણે ઊડવા લાગે, જઈ ઢળી પડે આથમણે.

જળને તપ્ત નજરથી શોષી
ચહી રહે ઘન રચવા,
ઝંખે કોઈ દિન બિંબ બનીને
સાગરને મન વસવા.
વમળ મહીં ચકરાઈ રહે એ કોઈ અકળ મૂંઝવણે.

જ્યોત કને જઈ જાચી દીપ્તિ,
જ્વાળ કને જઈ લ્હાય;
ગતિ જાચી ઝંઝાનિલથી,
એ રૂપ ગગનથી ચ્હાય;
ચકિત થઈ સૌ ઝાંખે એને ટળવળતી નિજ ચરણે.

## વરસતાં જઈએ

ચાલ, વરસાદની મોસમ છે, વરસતાં જઈએ,
ઝાંઝવાં હો કે હો દરિયાવ, તરસતાં જઈએ.

મોતના દેશથી કહે છે કે બધાં ભડકે છે,
કૈં નથી કામ, છતાં ચાલ, અમસ્તાં જઈએ.

આપણે ક્યાં છે મમત એક જગ્યાએ રહીએ,
માર્ગ માગે છે ઘણાં, ચાલ ને, ખસતાં જઈએ.

સાવ નિર્જન છે આ વેરાન, બીજું શું કરીએ?
બાંધીએ એક નગર, ને જરા વસતાં જઈએ.

તાલ દેનારને પળ એક મૂંઝવવાની મઝા,
રાગ છેડ્યો છે રુદનનો, છતાં હસતાં જઈએ.

# હોઠ હસે તો

હોઠ હસે તો ફાગુન
ગોરી! આંખ ઝરે તો સાવન,
મોસમ મારી તું જ,
કાળની મિથ્યા આવનજાવન

તવ દર્શનની પાર સજન, બે લોચન મારાં અંધ,
અવર વાણીને કાજ શ્રવણનાં દ્વાર કર્યાં મેં બંધ;
એક જ તવ અણસારે
  મારા વિશ્વ તણું સંચાલન.

અણુ જેવડું અંતર ને તવ મબલખ આ અનુરાગ
એક હતું વેરાન હવે ત્યાં ખીલ્યો વસંતી બાગ;
તવ શ્વાસોનો સ્પર્શ
હૃદય પર મલયહાર મનભાવન.

કોઈને મન એ ભરમ,  કોઈ મરમીના  મનનું મિત,
બે અક્ષર પણ ભર્યા ભર્યા, પ્રિય, માણી એવી પ્રીત;
પલ પલ પામી રહી
પરમ કો મુદા મહીં અવગાહન.

## માધવ ક્યાંય નથી મધુવનમાં

ફૂલ કહે ભમરાને, ભમરો વાત કહે ગુંજનમાં :
માધવ, ક્યાંય નથી મધુવનમાં.

કાલિન્દીના જલ પર ઝૂકી
પૂછે કદંબડાળી,
યાદ તને બેસી અહીં વેણુ
વાતા'તા વનમાળી?
લહર વમળને કહે, વમળ એ વાત સ્મરે સ્પન્દનમાં :
માધવ, ક્યાંય નથી મધુવનમાં.

કોઈ ન માગે દાણ
કોઈની આણ ન વાટે ફરતી,
હવે કોઈ લજ્જાથી હસતાં
રાવ કદી ક્યાં કરતી!
નંદ કહે જશુમતીને, માતા વ્હાલ ઝરે લોચનમાં :
માધવ, ક્યાંય નથી મધુવનમાં.

શિર પર ગોરસમટુકી
મારી વાટ ન કેમે ખૂટી,
અબ લગ કંકર એક ન લાગ્યો
ગયાં ભાગ્ય મુજ ફૂટી,
કાજળ કહે આંખોને, આંખો વાત કહે અંસુઅનમાં :
માધવ, ક્યાંય નથી મધુવનમાં.

*[બધાં કાવ્યો 'ચાલ વરસાદની મોસમ છે' માંથી, સૌજન્યસ્વીકાર 'વીસમી સદીની કાવ્યમુદ્રા']*

# ટોપીઓ ભરતી સ્ત્રીઓ

## ગિરીશ ભટ્ટ

મૂળ નામ તો લક્ષ્મી પણ એમાંથી લખમી થઈ જતાં શી વાર? પચીસની જોબનવંતી ઉંમર... દેખાવડી, જરા અલ્લડ ને વાચાળ . અઢારે પરણી હતી રસિકને. સામેની ડેલીવાળી મોંઘીએ તેને પોંખી હતી, ટાચકા ફોડતાં દુખણાં લીધાં હતાં. ને લટકાના આશીર્વાદ પણ આપ્યા હતા : 'જલદી જલદી દીકરાની મા થા.'

ને તે ખીખીખીખી હસી પડી હતી.

મોં પણ કાયમ મરકલું હોય, ને પગમાં ઝાંઝર,

આખો ખાંચો મેરાઈ-પા તરીકે ઓળખાય. દસ ઘર આમ ને દસ ઘર સામાં. ઢળતાં દેશી નળિયાંવાળાં છાપરાંઓ ને આગળ જાળીવાળાં જૂનાં મકાનો.

એક લક્ષ્મીના ઘરને પાકાં વિલાયતી નળિયાં. ઓટલો, ચાર પગથિયાં ને રંગીન બારણું, બારીઓ પર પરદાઓ પણ ખરા. અને અંદરનો સરસામાન પણ અલગ. પોચી પોચી પથારીવાળો મોટો પલંગ, અરીસાવાળું કબાટ અને ટેબલ પર, મુંબઈથી રસિકે આણેલું ગ્રામોફોન. લક્ષ્મી જાળવીને ખોલે, રજ સાફ કરે, રૂપેરી હૅન્ડલમાં પિન ભરાવે, કબાટમાંથી રેકર્ડ કાઢે, સાડીના પાલવથી સાફ કરે.

દર્શકો મુગ્ધ બનીને જોયા કરે, એ જ ઘરોનાં છોકરાંછાબરાં હોય. ક્યારેક એકાદ સમવયસ્કા પણ હોય. લક્ષ્મી એકાદ મિનિટમાં ગ્રામોફોનને વાગતું કરી દે. ને ગીત સંભળાવા લાગે : 'જીવન કી નાવ ના ડોલે; હા, એ તો તેરે હવાલે.'

આવતી-જતી સ્ત્રીઓના કાન સરવા થઈ જાય, મોં મલકી ઊઠે.

ને કોઈને વિચાર આવી જાય : 'માળીને જલસા છે. ધણી મુંબઈમાં ફૂટપાથ પર કૂટાતો હશે ને આને...'

રેકર્ડ તો એક જ હતી. પાંચ ગાણાં એક તરફ ને પાંચ બીજી તરફ. એકાદ સ્થાને પિન અટવાતી હતી. ને પછી ઘરર થાય એની રમૂજ. સહુને ખૂબ જ રસ પડે.

વીસેય ઘરોમાં આદમીઓ મુંબઈમાં. અહીં તો બૈરાંઓ, છૈયાંઓ ને વૃદ્ધો. આદમીઓ આવે અષાઢ, શ્રાવણમાં. શ્રાદ્ધ ઊતરતાં એક પછી એક, મુંબઈની વાટ પકડે.

આદમીઓ આવે ત્યારે ખાંચાની રોનક વધી જાય. અવરજવરો વધે. કોલાહલ વધે.

વાર્તામાં મુંબઈ હોય. શી રોનક મુંબઈની? ઝળાંહળાં! ભીડવાળા રસ્તાની બેય તરફ ઊંચાં મકાનોની બારીઓ દેખાય. એમાં માણસો પણ હોય.

ને આકાશ તો ભાગ્યે જ ભળાય. અહીં બીજના ચન્દ્રમાનાં દર્શન કરીએ ને? ત્યાં તો એવું કશું જ નૈં. કોઈને ટાઇમ જ ક્યાં હોય ઉપર જોવાનો?

ને અવાજો પાર વિનાના. કેટલી ભીડ? ને રેલ્વાઈ...?

અને ફૅશનેબલ બૈરાંઓ! કેવાં કપડાં પે'રે? અમે જ સીવી આપીએ.

દર ચોમાસે વર્ણનો બદલાય. ક્યારેક મોહમયી નગરી તો ક્યારેક દોજખ છે દોજખ – એવી ઉપમાઓ સરી પડે. વ્યક્તિએ વ્યક્તિઓ અલગ અલગ અભિવ્યક્તિઓ. સ્ત્રીઓ ઉપરતળે થયા કરે.

કેટલું વહાલ ઊપજે એ દિવસોમાં? મેરાઈપા સમૂળગું બદલાઈ જાય. ઘરમાં નસકોરાં, બરાડા, હર્ષનાદો, ચીડો, પ્રેમ – એ બધું જ ઠલવાયા કરે.

આખો વિસ્તાર જાણે કે પૌરુષી અસર નીચે સંમોહિત થઈ જાય!

અમસ્તો ક્યાં એકેય ખોંખારોય નીકળતો હોય?

વીસેય સ્ત્રીઓને ભાન કે આ પુરુષો મુંબઈમાં શું કરતા હતા. ફૂટપાથ પર... બે દુકાનો વચ્ચેની જગામાં તેમનાં સિલાઈ મશીન, ટેબલ પર ગોઠવાય. બસ, એ જ સ્થાન જ્યાં ગ્રાહક આવે, માપનાં વસ્ત્રો અપાય, સૂચનાઓ અપાય. વસ્ત્રો સિવાઈ જાય ને ગ્રાહકો પાસેથી યથાતથા પૈસા લઈને વિદાય કરાય. આ જ આજીવિકાપ્રાપ્તિનું સ્થાન, વીસેય સંચાઓ હારમાં પડ્યા હોય. બીજાઓ પણ હોય– વાળ કાપવાવાળા, માલિશ કરવાવાળા, સૂરમો વેચનારાઓ, વેણીઓ વેચનારાઓ.

દુકાનવાળાઓ સાથે ગોઠવણ. રાતે સંચાઓ એ દુકાનના સામાન વચ્ચે ક્યાંક મેલી દેવાય.

ને આ વીસેય, આસપાસની ફાવતી સસ્તી લોજ-વીશીઓમાં જમી લે.

રાતે... બેચાર ખોલીઓમાં આડાંઅવળાં ગોઠવાઈને નીંદર તાણી લે. પ્રારંભમાં મુશ્કેલીઓ પડી જ હતી. મેરાઈપાનાં ઘરો, પત્નીઓ, સુખો – યાદ આવી જતાં હતાં. પણ શું થાય? પૈસા અહીં હતા. સાંજે સો-બસોનો વકરો સહેજેય થતો હતો. આવું ક્યાં હતું મેરાઈપામાં? રોજનું એકાદ કપડું માંડ સીવવાનું હોય. ને એમાં પાછી ઉધારી પણ હોય.

બસ... વળગી રહ્યા મહાગાંઠની જેમ. ધીમે ધીમે શહેર ગમવા લાગ્યું હતું. ખોલી જેવી ઓરડીમાં સરસ ઊંઘ આવી જતી હતી. વસ્ત્રો સીવી સીવીને થાંભલા જેવા થયેલા પગની વેદના ભૂલી જવાતી હતી. વીશીની જાડી રોટલીઓ પટ કરતી ગળે ઊતરી જતી હતી.

દર મહિને મનીઑર્ડરો થઈ જાય ટપોટપ. વચ્ચે એકબે પોસ્ટકાર્ડ પણ લખાઈ જાય. ઘડીભર ઘર ડોકાઈ જાય ભીની આંખોમાં, પણ બીજી પળે ગ્રાહક ઊભી હોય સામે. સ્ત્રીઓનાં વસ્ત્રો જ સીવે. બ્લાઉઝ, ઘાઘરા, ફ્રૉક એવું.

એકલદોકલ સ્ત્રી ભાગ્યે જ આવે. જે આવે એ ત્રણચારના ટોળામાં. બેને સિવડાવવું હોય – એ મૂંગી હોય, અને જેને ન સિવડાવવું હોય એ જ બોલ્યા કરે.

અર્ધું મરાઠી, અર્ધું હિન્દી. ને આ લોક પણ ગુજરાતી સહિત ત્રણેય ભાષાઓના પ્રયોગ કરે.

બે વાર નકો નકો થાય એ પછી માપ નક્કી થાય. રોડની સામેની વસ્તીમાંથી ગ્રાહકો આવે. મોટા ભાગની શ્યામ સ્ત્રીઓ. કોઈ વળી ઊજળી પણ હોય. પહેલાં લજ્જા અનુભવે ને પછી સતત બોલ્યા કરે.

વીસેયના ધંધા સરસ ચાલતા હતા. રસિકે કાનજીને કહ્યું હતું : ‘બધુંય બૈરાંઓને ના કે’વું. શું સમજ્યો?’

## ૨

મેરાઈપાના ખાંચામાં આદમીઓ સિવાય, બારેમાસ આવતા બે પુરુષો હતા. એક હુસેન ટપાલી ને બીજો કાન્તિ ટોપીવાળો. બધી સ્ત્રીઓ રાહ જોતી બેઠી હોય.

હુસેન ખાંચામાં પ્રવેશતાંવેંત જ સાદ પાડે : ‘આવો જીવીબોન, કાશીબોન, લક્ષ્મીબોન, રસીલા, રમાબોન...! એય આવો ડેલીએ.’

ને એ સહુ દોડતી દોડતી ચહેરા પર હરખ સાથે ડેલીએ આવે. ડાબા હાથનો અંગૂઠો સળવળ થતો હોય, આંખો સામે પતિ દેખાતો હોય. કેટલીકને વાંચતાં આવડતું હતું.

કાગળ, મનીઑર્ડરો અપાય. નોટોના થોકડા નીકળે ખાખી ખીસામાંથી. પેડ પર અંગૂઠા મુકાય. દરમિયાન એકાદી પાણીનો ગ્લાસેય ભરી લાવે હુસેન માટે. પૈસા.... ગણાય ને બ્લાઉઝમાં મેલાય, પત્ર હોય તો છાને ખૂણે વંચાય.

સહુથી તગડું મનીઑર્ડર લક્ષ્મીને મળે. બીજીઓ નવાઈમાં ડૂબી જાય : ‘હેં આટલા પૈસા? રસિકભૈ બહુ કમાતા હશે? આમ તો બધાંય સાથે જ સીવે છે.  તો કેમ આમ?’

શંકાયે જતી કે તેમના ધણીઓ ઓછું મોકલતા તો નહીં હોય ને? રસિક ભૈને આટલા ધુબાકા કેમ? લક્ષ્મી હાથમાં નોટો રાખીને બે વાર ગણે. દરમિયાન હસ્યા કરે.

બીજીઓ નિસાસા નાખ્યા કરે. અરે, હુસેન પણ તેનાં લટકાં નિહાળ્યાં કરે.

ક્યારેક તે બોલે પણ ખરી : ‘હુસેનભૈ, શું જોવો છો? મને...? કે પછી મારા પોલકાને? મારા વરે સીવ્યું છે. મુંબઈની ફૅશનવાળું. ખબર છે, લાઇનું લાગે છે મારા વર પાસે સ્ત્રીઓની.

રસીલાને થોડો જવાબ મળ્યો પણ ખરો – આ તગડા મનીઑર્ડરોનો. તો શું તેનો પતિ દેશી બ્લાઉઝો સીવતો હશે?

રસિકભૈ હોશિયાર તો ખરા. હા, લખમી કેવાં ફૅશનવાળાં બ્લાઉઝ પે’રે છે? ક્યારેક તો સાવ ઉઘાડી જ દેખાતી હતી. હુસેન ને કાન્તિભૈ તો આવે છે ને? શરમ નૈ આવતી હોય?

સમૂહમાં પણ આવો વિષય ચર્ચાઈ જાય. કેટલાં વિશેષણો વપરાય લખમી માટે? સાવ નશરમી! વેતા બળી!

## ૩

મેરાઈ-પામાં સતત પ્રવેશ કરતો બીજો પુરુષ – કાન્તિભૈ. દર રવિવારે સાઇકલ ચલાવતો આવે.

બે મોટા થેલાઓમાં પુરુષોએ પહેરવાની ટોપીઓ હોય, રંગીન ભરત ભરવાની કોકડીઓ હોય. અને ખીસામાં એક, બે, પાંચ, દસની નોટોની થપ્પીઓ હોય.

લખમી સિવાયની બધી જ સ્ત્રીઓ ટોપીઓ પરનું ભરતકામ કરે. દર રવિવારે જૂની – ભરત ભરાયેલી ટોપીઓ અપાય ને બીજી નવીઓ લેવાય.

કાન્તિભૈ બધી જ ટોપીઓ પર નજર ફેરવી લે, સંતોષ વ્યક્ત કરે, ગણે અને હિસાબ કરે.

બધું નોટમાં લખાય.

મેરાઈપાની સ્ત્રીઓ ખુશ ખુશ થઈ જાય. વરના પૈસા આવતા હોય પરંતુ આ તો આપકમાઈના. એનો અંદાજ જ નોખો હોય. દિવાળી કેડે એના સંઘરામાંથી એકાદી જણસ ખરીદાય.

કાન્તિ સાથે ઘરોબો. ક્યારેક અંગત વાતો, વસવસા તેની પાસે ઠલવાઈ જાય, વિનોદેય થાય. પેલો સાંત્વનાઓ પણ આપે.

તેના માથા પર પણ આવી જ ભરત ભરેલી ટોપી. પણ જરા મેલી, આકાર વિનાની, જીર્ણ.

કોઈ સ્ત્રી મજાક કરે : ‘ટોપીવાળા થૈને આવી જૂની ટોપી કેમ પે’રો છો, કાન્તિભૈ?’

ને તે જવાબ દે : ‘કેમ નથી વરતાતો આ ટોપીમાં?’

એક લક્ષ્મી જ ટોપીઓ ના ભરે. ફેશનવાળાં વસ્ત્ર પહેરે, રેકર્ડ વગાડે, ક્યારેક નાચે.

કાન્તિ પાસેથી પસાર થાય ત્યારે ઉપાલંભભર્યું મોં મચકોડે.

## ૪

મેરાઈપાની સ્ત્રીઓના હાથમાં સોય-દોરા ને ટોપીઓ જ હોય. જ્યારે સમય મળે ને જીવ ટોપીમાં જાય, તરત પરોણી લેતીક ભરત ભરવા લાગે. ટેરવાં પર લોહીના ઝામા પણ પડે. હસીને ટેરવું દબાવી દે પાલવ સાથે. ક્યારેક તો પરસેવો ને લોહી ભેગાં પણ થઈ જાય. મૂળ ટોપી પર કશું ચોંટી ના જવું જોઈએ, ભરત સીધી લીટીમાં ધારની સમાંતરે ભરાવું જોઈએ.

કાન્તિભૈ... કશું ના  ચલાવે.

આખો દિવસ ને અરધી રાત ટોપીમાં જ પસાર થઈ જાય.

ને રસીલા કહેતી હતી : ‘એય આખો જલમારો આ ટોપીયું પાછળ જ જવાનો. આપણને બીજું કાંઈ દેખાવાનું જ નૈ. હસતાંય ટોપી ને રોતાંય ટોપી.

બીજી સહમત થઈ જતી : ‘બીજું આવડે છેય શું? કાન્તિભૈની રાહ જોવાની, હુસેનનીયે જોવાની ને આપડા ધણીઓનીયે જોવાની.

કાશી તરત જ કહે : ‘ધણીઓ પણ આપડી વાટ્યું જ જોતા હોય! કેવા અકરાંતિયા થઈને ઝળૂંબતા હોય છે આપડા પર?’

ને સમૂહમાં હસાહસી થઈ જતી.

જીવી પાછી ટોપીઓ પર આવી જતી : ‘ને આપડા હાથો ત્યારેય ટોપીઓ ભરતા હોય એમ હાલ્યા કરે. સખણા નો રહે!’

‘અરે, મરશું ત્યારેય હાથો તો એમ જ હાલતા રે’વાના. કેટલાં વરસોથી ટોપીઓ ભરીએ છીએ? ને છૂટવાનું થોડું છે? મોંઘીમા પણ આટલાં વરસેય ભરે છે ને? નજર નબળી છે પણ હાથ તો સરસ હાલે છે. ને આપડું પણ એમ જ ચાલવાનું.’

ને શાન્તિએ નવી દિશા તાકી હતી : ‘આપડી ટોપીઓ કેટલા આદમીના માથે ઢંકાઈ હશે?’

રસીલાએ અવલોકનની વાત કહી હતી : ‘કાશીબુન, હવે કેટલાંક આદમી ઉઘાડમથ્થાય ફરે છે.’

ને શાંતિ પ્રસરી ગઈ હતી પરસાળમાં.

## ૫

શ્રાદ્ધ પક્ષ પછી મેરાઈપાના પતિઓ, એક પછી એક મુંબઈ જવા લાગે. ઉદાસી છવાઈ જાય. છેલ્લી રાતે સ્ત્રીઓ રડ્યા કરે. પતિસેવા કર્યા કરે. સાંત્વનાઓ, સૂચનાઓ અને ચરણસેવા.

‘અરેરે, ત્યાં તો આખો દિવસ મશીન ચલાવવાનું? પગે ગોટલા ચડે તો ત્યાં કોણ તમારું?’

પગ દબાવતાં દબાવતાં ચિંતાઓ વ્યક્ત થાય. શ્રાદ્ધ પક્ષ પછી મેરાઈપામાં કાગડાઓ પણ ના ઢૂંકે. પત્રો આવે, મનીઑર્ડરો આવે. સાથે મળીને વિલાપો થાય. હુસેનના ફેરા વધી જાય.

પાછું ધીમે ધીમે બધું પૂર્વવત્ બની જાય. એક બીજી વાત પણ લગભગ બને. એકાદ સ્ત્રી અચૂક ગર્ભવતી બની હોય.

આ વખતે રસીલા હતી. ત્રણ વર્ષની ટેણકી તો હતી ને આ નવું પગરણ થયું હતું. ચિંતા એકલી રસીલાને નહોતી. આખા મેરાઈપાને હતી. પુત્રી આવે તો? બે થાય! તો બે માંડવા! તો શું થાય રસીલાનું? પણ પુત્ર મળે તો, મેળ પડી જાય! પણ આ કાંઈ રસીલાના હાથની વાત નહોતી. ને પીડા હતી એ જ.

ને એની ચર્ચા ઘરે ઘરે. એક લક્ષ્મી જ અપવાદરૂપ. વગાડ્યા કરે વાજું. ઠાઠથી હરેફરે.

પૃચ્છાય કરે રસીલાની : ‘એમ...? તબિયત સારી છે ને? આવું જ બને છે દર વરસે; ખરું ને?’

ને તેની ચર્ચા શરૂ થઈ જાય.

‘કેવી... પૂછપૂછ કરે છે? છે તેને કશુંય? પરણ્યે કેટલાં થ્યાં? મોંઘીએ પોંખી’તી તેને. શું હશે? રાતી રા’ણની જેમ ફરે છે. રસિકો મનીઑર્ડરો મોકલે ને આ તનકારા કરે.’

‘કાશી, મખમલની તો પથારી છે! જમીણકી જોઈ આવી છે. રૂપાળો છત્રીપલંગ છે.’ બીજી ટકોર કરતી.

‘હશે... લખમીમાં જ ખોટકો!’ ત્રીજી પૂરું કરતી.

તે એ સમયે જ કાશીના વરનો પત્ર આવ્યો હતો. પોસ્ટકાર્ડમાં કીડીના ટાંગા જેવા અક્ષરોમાં રસિક વિશેની આખી કથા ટૂંકમાં આલેખી હતી. રસિકો આડા રસ્તે ચડી ગયો હતો. તેની પાસે એક મોટરવાળી આવતી’તી. ગોરી પારસણ. રસિકોય રૂપાળો ને? કપડાં સિવડાવવા આવતી’તી ને લટ્ટુ થઈ ગૈ રસિકા પર. રસિકેય ઓળઘોળ. સંચો મેલીને મોટરમાં બેસી જાય, છેક સાંજે પાછો આવે. ક્યારેક તો... છેક રાતે આવે. અમારે એનો સામાન સંભાળવો પડે.’

કાશીએ એક પોસ્ટકાર્ડ તો વાંચીને ફાડી નાખ્યું હતું પરંતુ જમનાએ તેના વરનું પોસ્ટકાર્ડ લક્ષ્મીને જ હાથોહાથ આપ્યું હતું.

મેરાઈપામાં હાહાકાર મચી ગયો હતો. પછીનાં દશ્યોમાં લક્ષ્મી વચ્ચે રડમસ ચહેરે ઊભી હોય ને આખું ટોળું જાતજાતનાં સાંત્વનો આપતું હોય.

ખાનગી બેઠકોમાં લક્ષ્મી પ્રતિ નિંદારસ ઢોળાતો.

‘એ જ લાગની હતી લખમી.’

‘હવે વગાડ ગાણાં. ને નાચ આખા ઓરડામાં.’

‘રસિકભૈ કાંઈ અમથા અમથા આ મારગે ગ્યા હશે?’

‘આપડા ધણીઓયે મુંબઈમાં જ છે ને? છે એકેય એબ...? નૈ તો બૈરાવ આવતા હોય ને પોલકાં સિવડાવવા? એમાં રૂપાળીઓ પણ હોય ને?’

## ૬

ને સમાચાર મળ્યા કે લક્ષ્મી, હુસેન લાવતો હતો એ તગડાં મનીઑર્ડરો પાછાં મોકલતી હતી. ગ્રામોફોન વાજું વેચવા કાઢ્યું હતું. ઝાંઝરાં રમણીક સોનીને ત્યાં ગીરવે મેલ્યાં હતાં.

‘મરશે, એનાં કરમ.’ મોંઘીએ સમાધાન શોધ્યું હતું.

‘ચડે ઈ પડે.’ શાન્તિએ કહેવત ટાંકી હતી.

‘કેટલું ગુમાન હતું? આપડે ટોપીઓ ભરીએ ને તે હસતી’તી!’

કાશીએ સમાપન કર્યું હતું.

ને બધી સ્ત્રીઓએ માથાં હલાવી અનુમોદન આપ્યું હતું.

‘મૂકો લખમીની વાતમાં પૂળો.’ એ વાક્યથી સમાપન થયું હતું.

ને એ પછી એ સ્ત્રીઓ ગર્ભવતી રસીલા ભણી વળી ગઈ હતી. ભૈ, તેનુંય પાધરું કરવું પડશે ને? કેટલામો જાય છે? કીધું ને હલિમા ને? હાથ હલીમાનો. ગમે તેવું હોય – કામ પાર પાડે. આડું હોય કે ગર્ભિણી કહટાતી હોય. હલીમા હસતી હોય. ફૂલ ઝરે એવું બોલતી હોય. હાથની કરામત. તેને જશરેખા છે. મેરાઈપાની બધી જ સુવાવડો હલીમાએ કરી છે. હા, ઈ પેલાં... સમુ આવતી'તી. ભલી બચારી. જે આપો ઈ હસીને લૈ લેતી!

રસીલાને પાંચમો જતો હતો.

શું કરાય અટાણે? ખબર્ય છે ને? ઢસરડા નો કરતી. હજીયે ટોપીઓ ભરે છે? વરના મનીઑર્ડર આવે છે ને? અને પોસ્ટકાર્ડ? હલીમા ક્યારે આવી'તી? શું કીધું એણે?

છઠ્ઠો ચાલે છે. આમ તો સુવાણ છે. મનીઑર્ડરમાં વધારે આયવા? મોકલે જ ને? કાંઈ ઉપકાર કરે છે?' આપડે વેઠીએ તો ઈ એટલું તો કરે ને? મૂક હવે ટોપીઓની પડ્ય. નો લેવી આ રવિવારે. ઈ તો આવશે ટોપી પે'રવાવાળો. ભગવાનનું રટણ કરેશ ને?

હવે જ કાળજી રાખવાની. આ તો સાતમો કોઠો. નથી બોલાવવો વરને. આપડે છીએ ને? આટલાં વેતર આયવાં. એકેય વાર આદમીની હાજરી હતી? ભલે મુંબીમાં ટાંટિયા-તોડ કરે. કમાશે તારે અહીં પોચશે. ઝીણકી હેરાન નથી કરતી ને? મોકલી દેવી મારે ત્યાં, પાટી-પેન લૈને.

હલીમાની ગણતરી ખોટી નો પડે. વૈશાખ વદ કીધું ને? અને રસોડામાં નો ગુડાતી. મારી વિદ્દુડી શાક-રોટલી કરી આલશે. પંદરની થૈ. પલોટવી પડશે ને? કાલ હવારે માંડવો આવશે. હારું કયરું, ટોપીઓ બંધ કરી. ફરકે છે ને? અરે, તારી હારે વાતુંય કરશે! જોજે તારી મનોકામના પૂરી કરશે ઉપરવાળો. ટોપી પે'રનારો જ આવશે તારા ખોળામાં.

હવે તો ભઈરા દી! આજકાલ જ . અમે સૂશું તારી પાંગતે. અલી, લખમીય પૂછતી'તી તારા વાવડ. મોંઘીમાએ કીધું. આવવાની છે તારી પાસે.

રસીલા, શું થાય છે તને?

## ૭

રસીલાને ત્યાં આખો મેરાઈ પા ઊમટ્યો હતો. ચહેરાઓ પર હરખ માતો નહોતો.

ટોપીઓ ભરતી'તી ને આયવો ટોપીવાળો! હલીમા બાકી ભારે પાવરધી, ઇસ્પિતાલે ગ્યા હોઈ તો પેટ ચીરવું જ પડે. સમું વેતર આવી ગ્યું ને? સાડલો, પાંચ રૂપિયા – બધું દીધું લેખે!

રસીલાથી નવરી થયેલી સ્ત્રીઓએ જોયું તો લક્ષ્મી બારણામાં બેઠી બેઠી ટોપીઓ ભરી રહી હતી. તેનો ઝાંઝર વિનાનો પગ ડોલી રહ્યો હતો.

*[પરબ, ફેબ્રુઆરી ૨૦૧૭]*

# સુંદરી પર નિછાવર સુંદરી

**– રજનીકુમાર પંડ્યા**

*(જયશંકર ભોજક(૧૮૮૯-૧૯૭૫) જૂની રંગભૂમિ પર સ્ત્રી-પાત્રની ચિરસ્મરણીય ભૂમિકાને કારણે જયશંકર સુંદરી તરીકે ઓળખાયા. એવા આ પ્રતિભાશાળી કલાકારે એમની આત્મકથા **'થોડાં આંસુ થોડાં ફૂલ'** નામે લખેલી એ મરણોત્તર(૧૯૭૬માં) પ્રકાશિત થયેલી. રજનીભાઈએ કરેલો એમનો ચરિત્રલેખ બલકે મુલાકાત-લેખ અહીં રજૂ કર્યો છે.)*




'આ તમારા પતિની પ્રિયતમાનો ફોટો?' વયોવૃદ્ધ ચંપાબહેનના મોં પરની એકે કરચલીમાં આ સવાલથી જરા સરખો પણ ફરકાટ ન થયો. જાડા કાચનાં ચશ્માંની આરપાર મારી સામે જોઈ રહ્યાં. એટલે કે મને એમ થયું કે ભલે બોલ્યાં નથી, પણ ચહેરો આખો તો તપ્ત થઈ જશે. બોખા મોંએ ચંપાબહેન એવું મીઠું હસ્યાં કે બાજુમાં બેઠેલા એમના દીકરા દિનકર ભોજકને પણ નવાઈ લાગી હશે. એ મારા હાથમાંથી 'પ્રિયતમા'વાળો ફોટો લઈ લેવા જતો હતો ત્યાં ચંપાબહેને એ ફોટો એમના હાથમાંથી લઈ લીધો અને ઊંધો કરીને બતાવ્યો. કહ્યું : 'વાંચી લો ભાઈ, મેં જ મારા હાથે એની પાછળ લખ્યું છે – વાંચો.'

ફોટા પાછળ મેં જોયું તો ખરેખર વૃદ્ધ હાથે જૂનવાણી ઢબના અક્ષરોમાં લખેલું હતું : 'પારસણ બાઈ.'

'આના બાપ તો' એમણે દીકરા તરફ આંગળી ચીંધીને કહ્યું : 'આ ફોટો પણ ફાડી નાખવા જતા હતા પણ મેં રોકેલા.'

'કેમ?' મેં પૂછ્યું : 'ફોટો જોઈને તમારી આંખમાં ઝેર નથી આવતું?'

એ શું બોલ્યાં જવાબમાં એ સમજાયું નહીં કારણ કે એ જ વખતે ત્યાંથી એટલે કે સ્ટેશનરોડ, વિસનગર ઉપરથી એક જોરશોરથી બેન્ડવાજાંવાળો વરઘોડો નીકળ્યો. એક રીતે સારું જ થયું, કારણ કે અમુક સવાલના જવાબ શબ્દોથી આપી શકાતા નથી. શબ્દોથી અપાતા જવાબ એ જવાબ નથી હોતા, માત્ર પ્રત્યાઘાતો જ હોય છે. જયશંકર 'સુંદરી'ને ગુજરી ગયે આજે વરસો થયાં. એમનાં આ પત્ની ચંપાબહેનની ઉંમર પણ આ લખતી વેળા પોણાસો એંસીની તો ખરી જ. આ ફોટાવાળી પારસણબાઈ શિરીનબાબુ હવે તો મરી પરવારી હશે. એ કોણ, ક્યાં રહેતી હતી છેલ્લે છેલ્લે એની કશી જ માહિતી નથી. કારણ કે ૧૯૦૮ કે ૧૯૦૯માં એનું પ્રથમ મિલન જયશંકર સુંદરીને થયેલું. અને છેલ્લું મિલન પણ એ પછીનાં વરસ દોઢ વરસે જ.

મારા મનમાં આવા વિચાર ચાલતા હતા ત્યાં ચંપાબહેન બોલ્યા : 'તમો ક્યારના પ્રિયતમા પ્રિયતમા કરો છો પણ આ બિચારી એમની પ્રિયતમા નહોતી. ફક્ત ચાહનારી હતી. એમના ઉપર વારી ગઈ હતી. બાકી એમને આ બાઈ માટે કંઈ નહોતું.'

'બિચારી' શબ્દ પર મને હસવું આવ્યું. કોણ 'બિચારી' હતી? આ ફોટાવાળી બાઈ કે ચંપાબહેન? કદાચ દરેક પુરુષ પત્નીને આમ જ કહેતો હશે.

'ચંપાબહેન!' મેં પૂછ્યું, 'હવે તો તમારા છોકરાઓને ઘેર પણ જુવાન સંતાનો છે. જયશંકરભાઈ હોત તો એમને પૂછત. હવે તેમને પૂછું. પૂછતાં સંકોચ જરૂર થાય છે, પણ આ રૂપાળી પારસણનો ફોટો જોઈને પૂછ્યા વગર રહી શકતો નથી. એમના જીવનમાં કેટલી સ્ત્રીઓ આવી અને તમે એમાં ક્યાં?' 'અણગમાની રેખાઓને બદલે ફરી સ્મિત, ફરી ભર્યાભાદર્યા ઘર તરફ એક નજર. વિસનગરમાં બે માળનું આ આખરે ભરાયેલું ઘર. નાટ્યશાસ્ત્ર ઉપર જેણે ડૉક્ટરેટ કર્યું છે એવો દીકરો દિનકર – હસમુખી પુત્રવધૂ – એમનાં પણ મોટાં મોટાં સંતાનો, દાદા જયશંકરની ઠેર ઠેર ભીંતે લગાડેલી તસવીરો, એક આખો ખંડ સમૃદ્ધ કહી શકાય એવી લાઇબ્રેરીનો, જયશંકર સુંદરીની જીવંત સ્મૃતિ જેવી તસવીરોનાં અનેક અનેક આલ્બમો, પત્રો, માનપત્રો, પદ્મશ્રીનો ઇલ્કાબ અને અનેક સન્માનો... જૂના જમાનાનાં રાચરચીલાંની એક પ્રકારની, જોતાંવેંત વીતી ચૂકેલાં વર્ષોને તાજાં કરાવે એવી સાચવણ. આ હવેલી જેવા ઘરના કેન્દ્રસ્થાને એક ગરવાઈ ભરેલી માનમૂર્તિ તે આ મા. મેં માત્ર એક ખણખોદુ તરીકે પૂછેલા પ્રશ્ન 'તમે એમાં ક્યાં?'ના જવાબમાં એ બહુ વિશ્વાસભર્યું, ભેદભર્યું હસતાં હતાં. કદાચ મારા દૃષ્ટિસંકોચ ઉપર જ. 'સરસ્વતીચંદ્ર'ના વાચનને કારણે એમના મનમાં કોઈ કુમુદસુંદરી જેવી ખરેખરી સ્ત્રીની છબી દૃઢ થઈ ગયેલી. બહુ નાનપણથી જ નાટકમાં કામ કરતા હતા તેથી કોઈ પણ પાત્રને વાંચતાં વાંચતાં એમાં કાયાપ્રવેશ કરી જતા, ચંપાબહેન બોલ્યાંઃ 'એટલે સરસ્વતીચંદ્ર વાંચતાં વાંચતાં એમણે જે સ્વપ્નાં સેવેલાં તે કુમુદસુંદરી જેવી પત્નીનાં. પણ કુમુદસુંદરીની જગ્યાએ એમને મળી ઇચ્છા.'

'ઇચ્છા કોણ? એમની આત્મકથાનાં પાનાં ફેંદતાં ફેંદતાં, અને જૂનો પત્રવ્યવહાર વાંચતાં વાંચતાં આ નામ વારંવાર નજર સામે આવ્યું. ઇચ્છા એટલે ઇચ્છાગૌરી. એમના જમાનાના બીજા એક નાટ્યકલાકાર પ્રાણસુખ 'એડીપોલો'નાં બહેન. એ લગ્ન થયાં ત્યારે જયશંકરની ઉંમર કેવળ ચૌદ-પંદરની હશે. જયશંકરના મનમાં એ વખતે એ 'કુમુદસુંદરી' હતી, જે એમના ઉપર ઓળઘોળ હતી. એક આકસ્મિક મુલાકાતના પ્રસંગે જયશંકરના માથામાં એમણે તેલ પણ નાખી આપ્યું હતું. એ વખતના સ્પર્શે જયશંકરના ચિત્તમાં એ સ્ત્રી માટે એક કોમળ સ્થાન રચી આપ્યું હતું. વાત આગળ ચાલત. છોકરી ખુદ લગ્ન માટે વાત ચલાવવાને આતુર હતી, પણ જયશંકરનાં માતાપિતા એમાં રાજી નહોતાં. એ 'કુમુદસુંદરી' એમને ગમતી હતી, પણ એની એક મોટી એબ હતી, એ બાળવિધવા હતી.

'મા-બાપની આજ્ઞાનું એ ઉલ્લંઘન કરવા માંગતા નહોતા.' ચંપાબહેન બોલ્યા : 'એટલે જ એમણે મા-બાપ કહે ત્યાં લગ્ન કરવાની હા પાડી. પ્રાણસુખ 'ઓડીપોલો'ની બહેન ઇચ્છા એમના કપાળે લખાયેલી હતી.'

'પણ...' મેં પૂછ્યું : 'એમનાં મા-બાપને લગ્નની એવડી તે શી ઉતાવળ?'

'ચૌદ-પંદર વરસની ઉંમરે છોકરાનાં લગ્ન ન થાય તો એ જમાનામાં કુટુંબની ખાનદાની ઉપર લાંછન ગણાતું હતું એટલે...'

ચંપાબહેન એ પછી જે બોલ્યાં તે કદાચ આજના જમાનામાં પણ બનતું આવે છે એવું હતું. કોઈ વરવિક્રય ગણે તો વરવિક્રય યા દહેજ. જયશંકર 'સુંદરી'ના લગ્નપ્રસંગે એમની નાટકમંડળીના માલિકો કન્યાપક્ષ વતી બે હજાર રૂપિયા આપવાના હતા. એ મેળવી લેવાની જયશંકરભાઈના પિતાને કદાચ ઉતાવળ આવી. એમણે તાબડતોબ દીકરાનાં લગ્ન ગોઠવ્યાં અને ઓગણીસસો ત્રણની સાલની ત્રીજી માર્ચે જાનને ગાડે જોડીને ઉમતા (ઉત્તર ગુજરાત) લઈ પણ ગયા અને દીકરાને પરણાવીને ઉમંગે પાછા ફર્યા. ઉમંગ એમના દિલમાં હતો પણ 'સુંદરી'ના દિલમાં નર્યો ઉચાટ હતો. લગ્નવિધિ વખતે પણ એ ગમગીન અને ઉદાસ રહ્યા હતા. લગ્ન કરીને આવ્યા પછી તો જાણે કે માથે વીજળી જ પડી. છોકરી અભણ હતી, એટલું જ નહિ પણ પગે ફ્રેકચરને કારણે જીવનભરની રહી ગયેલી ખોડવાળી હતી. છતાં સુંદરીએ મન વાળી લીધું. નવવધૂની ઉંમર માત્ર અગિયાર વર્ષ. સાસરે તો આવી શકે તેમ હતી જ નહિ, છતાં સુંદરીએ એના માટે ભરતગૂંથણ, પાકશાસ્ત્ર, સિવણકળા વગેરેનાં પુસ્તકો ખરીદી રાખ્યાં. એને ભણાવી ગણાવીને એ પુસ્તકો વંચાવીને સામાન્ય ગૃહિણી બનાવવાનો વખત કદી આવ્યો જ નહિ. પત્ની પિયરિયામાં જ રહી. ત્યાં જ એણે પગ કપાવવો પડ્યો. રોગને લીધે તાળવામાં પણ કાણું પડી ગયું અને એની બોલી પણ ગૂંગણી થઈ ગઈ. આમ લૂલી અને ગૂંગણી 'કુમુદસુંદરી'એ કદી સાસરવાસ સેવ્યો જ નહિ અને અંતે ફારગતી થઈ અને સુંદરી છૂટ્યા.

એ યંત્રણામાંથી છૂટ્યાના આનંદનો કેફ ઊતરે એ પહેલાં જ સુંદરી ફરી સપડાયા. હવે સુંદરી પણ બીજવર હતા, એટલે માતાપિતાને એમનાં લગ્ન કોઈ બાળવિધવા સાથે થાય તે સામે કશો વાંધો નહોતો. સુંદરીને વર્ષોથી મનમાં કોમળતમ ખૂણે સચવાઈને રહેલી પેલી બાળવિધવા 'કુમુદસુંદરી' યાદ આવી ગઈ. એની તપાસ કરાવી તો ખબર પડી કે એનાં લગ્ન થઈ ગયાં હતાં અને એ પરણીને દેશમાં ચાલી ગઈ હતી.

'એ આઘાતની વાત કદી જયશંકરભાઈ કરતા હતા?'

ચંપાબહેન બોલ્યાં : 'ન બોલે તોપણ સમજી શકાય એવું હતું ભાઈ, એમના મનમાં પ્રથમથી વસી ગયેલી એ કન્યા. માત્ર બાળવિધવા હોવાના કારણે જ એ એને પરણી નહિ શકેલા. બાકી એ સ્ત્રીની પણ એમના ઉપર એટલી આસક્તિ હતી કે 'સુંદરી'નાં લગ્ન વખતે જાનમાં પણ ગયેલી અને વરરાજાવાળા ગાડામાં જ બેઠેલી. વારંવાર તડકાથી મોં છુપાવવાને બહાને સાડીથી મોં ઢાંકીને ડૂસકું ભરી લેતી હતી. સુંદરીનું ધ્યાન પડી ગયું. એટલે એ પણ ઉદાસ થઈ ગયા. પોતાની હાજરીથી આખી જાનનો ઉલ્લાસ ડહોળાઈ જશે એમ લાગતાં પછી એ ગાડામાંથી નીચે ઊતરી પડી હતી.'

બિલકુલ મૂંગો અને છતાં પીડામય પ્રણયભાવ હશે એ છોકરીનો. 'સુંદરી' પ્રથમ લગ્નમાંથી મળેલી ફારગતી પછી પણ એને પરણી ના શક્યા, કારણ કે એ છોકરીનાં લગ્ન પણ બીજે થઈ ગયાં હતાં.

એના આઘાતમાં જ સુંદરીનું લગ્ન કોઈ બીજી બાળવિધવા સાથે થઈ ગયું. એમાં પણ મા-બાપની અધીરાઈ જ. આજ દરખાસ્ત ને કાલે લગ્ન – એ રીતે, આ ભર્યું નાળિયેર પણ ખોરું નીકળ્યું. બલકે એણે તો જિંદગીનો સ્વાદ જ બગાડી નાખ્યો. એનું નામ મણિ હતું અને એ સાવ અબુધ અને રાંચા જેવી હતી. સુંદરીને કુમુદસુંદરીને બદલે કકળાટકુબ્જા મળ્યાં. જે સમજમાં સાવ બચ્ચાં જેવાં હતાં. નાટક શું અને કલાકાર શું એ એમની સમજ-ક્ષિતિજની બહારની વસ્તુ હતી. સુંદરી રિહર્સલમાંથી થાક્યા ભૂખ્યા ઘેર આવે ત્યારે હજુ ચૂલો પેટાવવાની નિષ્ફળ મથામણ પત્ની કરતી હોય એવો ક્રમ રોજિંદો થઈ ગયો. એથી રંગશાળામાંથી ઘેર પાછા આવવામાં સુંદરીના પગ પણ ઊપડ

તા નહોતા. ઘણીવાર ઘેર ન જવું પડે એટલે નિરુદ્દેશે સાવ વિમનસ્ક થઈને બહાર ફર્યા કરતા અને છતાં નાટકના મંચ ઉપર તો સુંદરી તરીકે આદર્શ પત્નીનું પાત્ર સફળતાપૂર્વક ભજવ્યા કરતા.

'અંતે...' ચંપાબહેન બોલ્યાં : 'એની સાથે બહુ થોડા વખતમાં ફારગતી થઈ ગઈ અને સુંદરીનો ત્રીજીવાર છેડાછૂટકો થયો.'

'પણ તો પછી...' મેં પૂછ્યું : 'આ ફોટાવાળી પારસણ સાથે એમણે લગ્ન કેમ ન કર્યાં?'

'પારસણ શિરીન સાથે એમને કશો એવો પ્રેમ નહોતો.' ચંપાબહેન બોલ્યાં : 'એમ હોત તો એમના જીવનમાં હું કદી આવી જ ન હોત.'

મારાથી ફરી પારસણના જૂના ફોટોગ્રાફ તરફ એક નજર થઈ જ ગઈ. જે રીતે ઠસ્સાથી એ ખુરશી પર બેઠી હતી તે પરથી એના દુઃખની કલ્પના લગીર પણ ન આવે. ફોટોગ્રાફમાંનો ચહેરો એ જીવનમાં અસલી ચહેરો નથી હોતો. આ પારસી સ્ત્રી પણ લાખો રૂપિયાની સંપત્તિ ધરાવનાર પિતાની એકની એક પુત્રી હતી. પોતે થિયોસોફિસ્ટ હતી ને મુંબઈના એક અતિવૈભવશાળી ગણાતા વિસ્તારમાં રહેતી હતી. ગેઇટી થિયેટરમાં ચાલતા 'લલિતા દુઃખદર્શક નાટક'માં જયશંકર સુંદરીની ભૂમિકા સાથે એ એટલા માટે તાદાત્મય અનુભવવા માંડી હતી કે એનાં પોતાનાં લગ્ન કોઈ અણગમતા પારસી છોકરા સાથે થવામાં હતાં. વાસ્તવ નાટકમાં દુઃખી લગ્નજીવનને મૂંગે મોંએ સહન કર્યે જતી પત્નીની ભૂમિકા ભજવતા હતા. અસલ જીવનમાં પતિ તરીકે જો ભોગવવું પડતું હતું તેની અદલ છાયા પત્ની તરીકેના પાત્રમાં પ્રગટી જતી હતી. એ અભિનયે શિરીન પર એટલી બધી પ્રગાઢ અસર કરી કે એકવાર એમને મળવા એ થિયેટર ઉપર સવારમાં પોતાની ગાડીમાં આવી પહોંચી હતી અને 'લલિતા દુઃખદર્શક નાટક'ની ઑપેરાબુક મેળવવાને નિમિત્તે જયશંકરને મળી હતી. એ વખતે તો પ્રથમ મુલાકાતમાં એ પોતાનું હૃદય ખોલી શકી નહિ પણ પાછળથી માથેરાન જઈને એણે પત્રપરંપરા શરૂ કરી અને રેલવે પાર્સલ દ્વારા મધ, ફળો અને કેસરની અગરબત્તીનાં પાર્સલ મોકલવા માંડી. સુંદરીની સ્થિતિ જરા કફોડી થઈ કારણ કે એ દિવસોમાં અભિનેતાઓને કોઈ બીજી કંપનીવાળા હરી ન જાય અથવા એ લોકો સ્વેચ્છાચારમાં સરી ન પડે એટલા માટે નાટકમંડળીના માલિકો એમના પત્રો ફોડી ફોડીને વાંચીને એમને આપતા હતા. પારસીબાઈના પત્રો અને પાર્સલથી મંડળીના માલિકની નજર વધુ કરડી થાય તે પહેલાં તો ફરી એ બાઈ રૂબરૂ જ આવી પહોંચી. જયશંકર સૌની હાજરીમાં એને આવકારતાં બહુ ક્ષોભ અનુભવતા હતા પણ વિવેક તો ચૂકવાનો નહોતો જ. સૌના દેખતાં જ એમણે થિયેટરના ખાલી હૉલમાં એની સાથે વાતો શરૂ કરી. તો તરત જ ખ્યાલ આવી ગયો કે એ એમના પ્રેમમાં ગળાડૂબ પડી ચૂકી હતી. બાઈએ થોડી હિંમત કેળવી લીધી હતી. એણે સીધી જ લગ્નની માગણી મૂકી. આત્મકથામાં લખ્યું નથી પણ 'સુંદરી'નું મન બે ઘડી વિચલિત થઈ ગયું હશે. કારણ કે એમના પણ એ દિવસો કોઈની હૂંફ અને લાગણીની ઝંખનામાં જતા હતા. તરત જ એમણે જાતને સંભાળી લીધી અને બહુ સ્વસ્થપણે એ સ્ત્રીનો હાથ પોતાના હાથ ઉપરથી ખસેડીને કહ્યું કે એણે જાતને સંભાળી લેવી જોઈએ. કોઈ પણ સંજોગોમાં એ એની સાથે લગ્ન કરી શકે એવી સ્થિતિમાં નથી. પોતે માતાના એકના એક દીકરા છે અને પારસી સ્ત્રી સાથે લગ્ન કરવાથી દીકરાને પારસી બનવું પડે એ એમને હરગીજ મંજૂર નહિ હોય અને એ વસ્તુ એમના જીવનના અંતની નિમિત્ત બની જશે.

પારસી બાઈ શિરીન જીભથી તો કશું બોલી નહિ. માત્ર આંસુ ધસી આવેલી આંખે અનિમેષ જયશંકર સામે જોઈ રહી. એના હૃદયની વ્યથા જયશંકર સમજી શક્યા અને કહ્યું : 'મારી આ વાત અત્યારે ભલે તમને કઠોર લાગે,

પણ મને ખાતરી છે કે પાછળથી આ જ વાત આપણે એક સંભારણા તરીકે આનંદથી વાગોળીશું. તમારા પ્રેમનું મારે મન બહુ ઊંચું મૂલ્ય છે, પણ લગ્નથી જોડાવાની ઇચ્છા ભલે આ જન્મે નહિ તો આવતે જન્મે પૂરી થશે. એટલો તમે વિશ્વાસ રાખશો.'

આથી વિશેષ કશું બોલવાપણું નહોતું જ, કારણ કે હૉલમાંથી બહાર નીકળતાં નીકળતાં શિરીનની ગાડી સુધી આવતાં આવતાં આ વાત થઈ હતી. બન્ને ખુલ્લી જગ્યામાં આવી ગયાં હતાં અને થોડે સામે જ પારસી લોકોના તંબુ આવેલા હતા. એમનાં માણસો એ બન્નેની સામે એકીટશે જોઈ રહ્યાં હતાં.

'આ પછી એ બાઈએ વિનવણી કરીને એમનો ફોટો માગી લીધો અને પછી પોતાનો પણ એક ફોટો એમને આપી ગઈ. આ તમારા હાથમાં છે એ ફોટો.'

'મને આ સ્ત્રી માટે ઝેર ઊપજવાનું કોઈ કારણ નથી.' ચંપાબહેન બોલ્યાં : 'કારણ કે એમની સાથે નામોશી થાય તેવા કશા સંબંધમાં સુંદરી આવ્યા નહોતા. હું પણ જાણતી હતી કે જાહેરક્ષેત્રમાં નાટકના કલાકાર કે કોઈ પણ ક્ષેત્રમાં નામાંકિત બનવાની સાથે વ્યક્તિએ કેવા કેવા સંજોગોમાં કેવી વ્યક્તિઓ સાથે પરિચયમાં આવવું પડે. ખુદ મારા પિતા પણ ભાવનગર નરેશ ભાવસિંહજીને ત્યાં સંગીતાચાર્ય હતા. એમનું નામ ડાહ્યાલાલ શિવરામ નાયક હતું. મારાં સાસુએ જ અમારાં લગ્નનો પ્રસ્તાવ મૂક્યો હતો અને ૧૯૧૭ની સાલમાં અમારું લગ્ન થયું અને...'

'અને' શબ્દ પછી ચંપાબહેને કશું બોલવાની જરૂર જ ક્યાં હતી? જયશંકર સુંદરીની લગ્નપનોતી આ લગ્ન પછી પૂરી થઈ. એમની સાથે અઠ્ઠાવન વરસનું એવું તો ભર્યું ભર્યું મધુર અને નંદનવન જેવું દાંપત્ય ભોગવ્યું કે સુંદરીની નાટક કારકિર્દીમાં પણ એક નવો જ ઉન્મેષ પ્રગટ્યો.

ઊભા થતાં થતાં વળી એક પ્રશ્ન મારાથી પુછાઈ ગયો : 'પછી પેલી પારસી બાઈ શિરીનના કંઈ ખબર મળ્યા કે?'

'હા' ચંપાબહેન બોલ્યા : 'છેલ્લે એ બાઈ સુંદરીને ગાડી લઈને ફરી થિયેટર પર મળવા આવેલી. સુંદરી એમને મળવા ગાડી સુધી ગયા તો જોયું કે બેઠાં બેઠાં એ બાઈ ચોધાર આંસુએ રડતી હતી. કોઈ પણઘરેણાં-ગાંઠાં વગર એ ફક્ત કાળાં કપડાંમાં સજ્જ થયેલી હતી અને સુંદરીની એ આખરી રજા લેવા આવી હતી.

'અરે!' મેં કહ્યું : 'આખરી તો ઠીક કે સમજ્યા પણ કાળાં કપડાંમાં શા માટે?'

'કારણ કે....' ચંપાબહેન ફરી એ ફોટાને હાથમાં લઈ સાચવીને કપડાંની બેવડમાં મૂકતાં બોલ્યાં : 'એનાં લગ્ન પેલા અણગમતા પારસી છોકરા જોડે થઈ ગયાં હતાં અને એનો એ શોક મનાવતી હતી.'

એ 'લગ્ન' શબ્દ સાથે જ ફોટામાં સફેદ કપડાં પહેરેલી એ બાઈના ફોટાની નેગેટીવ મારી નજર સામે તરવરી ઊઠી. કોણે કહ્યું કે લગ્ન એ હંમેશા પ્રભુતામાં પગલાં જ છે? 'સુંદરી' માટે હતાં, પણ સુંદરી માટે નહોતાં.

# કવિતા લખવી એટલે...

દિલીપ ઝવેરી

કવિતા લખવી
એટલે કોઈ નાની-મોટી મુસાફરીએ નીકળ્યા જેવું છે
ક્યાં જવું તે નક્કી હોય અને ન પણ હોય
આરંભમાં ભલે રસ્તો જાણીતો હોય
પછી તો અજાણ્યા જ હોય બધા રસ્તા
ઓળખીતા પણ બનતા જાય નવાઈ-કંટાળાભર્યા
ક્યારે પહોંચશું એની તાલાવેલી લાગે
અને શું કામ નીકળ્યા એનો વસવસોય થાય
બધું યાદ કરીને લીધું-ગોઠવ્યું હોય
અને ખીસામાં હાથ નાખતાંક રૂમાલ ન મળે
તો પછી રૂમાલની જેમ બીજું કેટકેટલું ભુલાઈ ગયું હશે
એની ચિંતા થાય
ત્યારે લાગે કે કવિતા લખવી એ તો સાહસ છે
બધું ધાર્યા જેવું જ હોય તો મુસાફરીની મજા ક્યાં?

એકાદ ગલગોટા જેવા અનુભવની વાત લખવા જતાં
ગલગલિયાં થાય અને ફુવારા ફુવારા લખાય
ફુવારો દિવાળીના ફટાકડામાંથી નીકળ્યો હોય
કે વ્હેલનાં નસકોરાંમાંથી
કે રમખાણમાં છરી ખોંપેલા પેટના આંતરડાની નસમાંથી
હાથમાં લૂગડું લઈને પહેલાં લૂછવું કે ઘાવમાં ઠૂંસવું
એવી મૂંઝવણ થાય પછીનો શબ્દ ગોતવામાં
મૂંઝાયલો શબ્દ પેટીના ન ખૂલતા તાળામાં ફસાયેલી ચાવી જેવો
હવે પેટીમાં ભરી રાખેલ કલ્પનાઓનું શું?
હવે દિવાળીમાં બૉમ્બ ફૂટશે?
વ્હેલ માછલી નહીં બચે?
માણસ માણસને આમ જ કાપીને કટકા કરશે?

જવાબ દેવા માટે કવિતા નથી લખવાની હોતી!

*[કવિતા વિશે કવિતા, ૨૦૧૬]*

# ભીલ લોકસંસ્કૃતિ અને ચિત્રકળા

અંજલી વિરલ શાહ

વિશ્વની સૌથી પ્રાચીન સંસ્કૃતિઓમાં ભારતીય સંસ્કૃતિનું સ્થાન અગ્રણી છે. ભારત વિવધતામાં એકતા ધરાવતો દેશ છે. જેમાં શિષ્ટ સમાજની પોતાની એક સંસ્કૃતિ તો છે જ પરંતુ આદિવાસી જાતિ-જનજાતિઓની સંસ્કૃતિ પણ ઊડીને આંખે વળગે તેવી છે. ભારત આ જ નાની-મોટી સંસ્કૃતિઓનું સંગમ સ્થાન છે. 'સંસ્કૃતિ' એ કોઈ એક વ્યક્તિ કે એક દિવસની બનાવટ નથી એ તો દીર્ઘકાળ સુધી અનેક જ્ઞાત-અજ્ઞાત વ્યક્તિ સમૂહોના પુરુષાર્થનું પરિણામ છે. એક જ સ્થળે રહેતા લોકસમૂહની રહેણી-કરણી, રીત-રિવાજ, તહેવારો-ઉત્સવો, મેળાઓ, ભાષા-બોલી, કળા વગેરે દ્વારા ઉપસતું ચિત્ર એટલે 'સંસ્કૃતિ'. આ સંસ્કૃતિ શબ્દમાં જ 'લોક' શબ્દ ગોપિત છે. લોકસંસ્કૃતિનું કોઈ પણ અંગ કે કાર્ય ક્યારેય નિષ્પ્રયોજ્ય હોતું નથી.

આજે જ્યારે એકવીસમી સદીમાં ચંદ્ર પર કે મંગળ પર મનુષ્ય પગરણ માંડી રહ્યો છે ત્યારે દૂર કોઈ જંગલ કે પહાડી વિસ્તારોમાં આદિવાસી જાતિઓ રામાયણ કે મહાભારતકાલીન પ્રાચીન સંસ્કૃતિની ધરોહર સાચવીને બેઠી છે. આ આદિવાસીઓમાં 'ભીલ જાતિ' સૌથી પ્રાચીન પરંપરા ધરાવે છે. કહેવાય છે કે રામાયણના રચયિતા વાલ્મીકિ સ્વયં ભીલ જાતિના હતા. પુરાણા સમયથી આ ભીલો પોતાની સંસ્કૃતિનું રક્ષણ કરતા આવ્યા છે. ભારતની સૌથી મોટી જાતિ ભીલોની છે જે મધ્યપ્રદેશ, ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં વસવાટ કરે છે. મૂળ હિંદુ ધર્મમાં માને છે. તેઓ ભીલી લોકબોલીનો ઉપયોગ વ્યવહારની ભાષામાં કરે છે જેનો સંબંધ ઇન્ડો-આર્યન ભાષાકાળ સાથે જોવા મળે છે. ભીલી બોલીને લિપિનું માધ્યમ પ્રાપ્ત થયું ન હોવાથી મૌખિક કે કંઠસ્થ પરંપરા દ્વારા જ આપણને એમના સાહિત્ય કે સંસ્કૃતિની જાણકારી મળી શકે છે. આ આદિવાસીઓ પ્રકૃતિનાં સંતાન છે. મનુષ્યમાત્રનો સંપૂર્ણ વિકાસ પ્રકૃતિ સાથેના આંતરસંબંધને કારણે થયો છે. પશુ-પક્ષીઓના કલરવ, ઝરણાં, નદી, વીજળી વગેરેના ધ્વનિઓ દ્વારા ગીત-સંગીતકલા જન્મી તો આસપાસ જે જોયું અનુભવ્યું તે બધું ચિત્રકલા,



શિલ્પકલાના માધ્યમ દ્વારા વ્યક્ત કર્યું. મોરને નાચતો જોયો ને નૃત્યની ભંગિઓ નિર્માણ પામી. આમ, કલામાત્ર પ્રકૃતિની પ્રતિકૃતિ છે. આદિવાસીઓ તો આ જ નિર્મળ પ્રકૃતિનાં સંતાન હોવાથી કલાના પ્રત્યેક રંગ તેમના જીવનમાં વણાઈ ગયેલા જોઈ શકાય છે. પ્રત્યેક જનજાતિઓ પાસે પોતાની વિશિષ્ટતા હોય છે. એ વિશિષ્ટતા સામાજિક, સાંસ્કૃતિક, ભૌગોલિક પરિવેશને આધારે વિકસે છે. આ કથાઓમાં પરંપરાનું વિશેષ ધ્યાન રાખવામાં આવે છે એટલે જ પરિવર્તનની સંભાવના ઓછી રહે છે. વિભિન્ન કલાકારો દ્વારા તે અભિવ્યક્ત થતી હોવા છતાં એમાં સામ્યતાનાં દર્શન થાય છે. એ સામ્યતા જ એક સંસ્કૃતિનું નિર્માણ કરે છે. આવી સંસ્કૃતિઓમાં ભીલ જાતિની સંસ્કૃતિ વિશિષ્ટ છે. ભીલજાતિ પોતાનાં સુખ, રીતરિવાજ, આક્રોશ, હતાશા, સમસ્યાઓ, પ્રશ્નો, શ્રદ્ધા-અંધશ્રદ્ધા, ઉત્પત્તિનો ઇતિહાસ વગેરે પોતાની કલાના માધ્યમ દ્વારા વ્યક્ત કરે, ચિત્રકલા એમની જ નહીં આદિવાસીમાત્રની પ્રાચીન કળા છે. આપણને ગુફાઓમાં, ભીંતો પર, પથ્થરો પર આદિમાનવ દ્વારા દોરેલા ચિત્રો, સંકેતો વગેરે મળ્યાં જ હતાં. આજે પણ આ કળા એમનામાં એટલી જ લોકપ્રિય છે. ભીલ લોકસંસ્કૃતિમાં ચિત્રકળાને ત્રણ વિભાગમાં જોઈ શકાય છે. દેહચિત્રો, ભૂમિચિત્રો અને ભીંતચિત્રો.

### દેહચિત્રો/છૂંદણાં :

ભીલ જાતિના લોકોનો સૌંદર્યનો અનુરાગ તેમના દેહ પરથી જોઈ શકાય છે. તેઓ પોતાના દેહ પર 'છૂંદણાં' છુંદાવીને સુશોભન કરે છે. 'છૂંદણાં' એટલે અલંકારોની અવેજીમાં વપરાતું રેખાઓ-ચિત્રોનું માધ્યમ જેનાથી શરીર-સુશોભન કરી શકાય. આજના સમયમાં યુવાનો હજારો રૂપિયા આપીને ટેટુ કરાવવાની ફેશન કરે છે તે જ આપણા આદિવાસીઓની 'છૂંદણાં'કળા. ભીલ જાતિ સદીઓથી પોતાના માથાથી લઈને પગ સુધી શરીરના વિવિધ ભાગો પર છૂંદણાં છુંદાવે છે. સ્ત્રીઓએ ફરજિયાત છૂંદણાં છુંદાવવાનાં હોય છે. આ છૂંદણાં તેમની જાતિની પ્રતીકાત્મકતાનાં દ્યોતક છે. દા૦ત૦ કોરકૂ જાતિની મહિલાઓ પોતાની આંખો પાસે બે આડી રેખાઓ દોરાવે જે કોરકૂ ભીલ જાતિનું પ્રતીક બને છે. 'છૂંદણાં' શરીરના વિવિધ અંગો જેવાં કે મુખ, હાથ-પગ, છાતી, વક્ષસ્થળ, જાંઘ, નિતંબ વગેરે પર છુંદાવે છે. એમાં વૃક્ષ, પશુ-પક્ષી, દેવી-દેવતાઓ, પહાડ, ઝરણાં વગેરેનાં ચિત્રો દોરાવે છે. આ છૂંદણાંને વિવિધ નામ પણ આપવામાં આવે છે. દા૦ત૦ વૃક્ષાકૃતિ માટે આંબા, આંબો, આંબામોર વગેરે નામાભિધાન થાય છે. ત્રિભુજાકાર વૃક્ષ પર મોરની આકૃતિ ભીલી સ્ત્રીઓની પ્રિય આકૃતિ છે. છૂંદણાં એ માત્ર અલંકારણનું જ માધ્યમ નથી. ભીલોનું કોઈ પણ કાર્ય નિષ્પ્રયોજ્ય નથી એમાં કોઈ ને કોઈ હેતુ



હોય જ છે. છૂંદણાં છુંદાવવા પાછળ બે પુરાકલ્પનો તેમનામાં પ્રચલિત છે. મહાદેવ આદિવાસીઓના આરાધ્યદેવ છે. એમની ઉત્પત્તિની અનેક કથાઓમાં મહાદેવનો ઉલ્લેખ મળે છે. આ છૂંદણા છુંદાવવાની કથામાં પણ મહાદેવજીની વાત આવે છે. એકવાર મહાદેવે સર્વ દેવી-દેવતાઓને  ભોજન માટે આમંત્રણ આપ્યું. ગોંણ્ડના દેવતા પણ એમાં સહભાગી બન્યા. બધા દેવો મહાદેવ સાથે અને દેવીઓ પાર્વતી સાથે હાસ-પરિહાસમાં મગ્ન બન્યાં. ભોજન સમાપ્ત થયા પછી જ્યારે બધાં પોતપોતાને સ્થાને પાછાં જવા લાગ્યાં ત્યારે ખૂબ ભીડ થઈ ગઈ. ગોંણ્ડ દેવ પોતાની પત્નીને ઓળખી ન શક્યા અને ભૂલથી પાર્વતીના ખભા પર હાથ મૂકી પોતાની સાથે લઈ જવા લાગ્યા. પાર્વતી દેવી ક્રોધિત થઈ ગયાં પરંતુ મહાદેવને ગોંણ્ડ દેવની ભૂલની જાણ હતી એટલે તેઓ હસ્યા અને પાર્વતીને સમજાવવાનો પ્રયત્ન કર્યો. એ સમયે પાર્વતીએ ફરી આવી ભૂલ ન થાય એ માટે કોઈ ઉપાય કરવાનો નિશ્ચય કર્યો. પરિણામ રૂપ પ્રત્યેક દેવીના અંગ પર વિશિષ્ટ આકૃતિઓ રચી આપી. બસ ત્યારથી જાતિની ઓળખ માટે છૂંદણાં છૂંદવાની પ્રથાનો આરંભ થયો.

બીજી એક કથા પ્રમાણે યમદેવને મૃત શરીર સ્ત્રીનું છે કે પુરુષનું એનો ભેદ કરવો કઠિન પડતો હતો એમની આ સમસ્યાનું નિરાકરણ કરવાના ઉપાય રૂપે સ્ત્રીઓને સુંદર રેખાઓથી અલંકૃત કરવાનું સૂઝ્યું. જેથી સ્ત્રી-પુરુષનો ભેદ કરી શકાય. એમના આ કાર્યમાં એમનાં પુત્ર અને પુત્રવધૂએ સહાય કરવાનું વચન આપ્યું. યમરાજે પોતાની પુત્રવધૂને રેખાકૃતિઓ દ્વારા સુંદર રૂપવતી બનાવી અને પૃથ્વીલોક પર મોકલી પુત્ર સારંગી વગાડી વગાડીને લોકોને એકઠાં કરતો. પુત્રવધૂ  પોતાની સુંદરતાનું કારણ છૂંદણાં બતાવતી તેથી સ્ત્રીઓ આકર્ષાવા લાગી અને સ્ત્રીઓ બાવળના કાંટાથી છૂંદણાં છૂંદાવા લાગી. આમ આ પ્રથા શરૂ થઈ.

છૂંદણાં માટે આ પુરાકલ્પન સિવાય પણ અનેક કારણો અને માન્યતાઓ છુપાયેલી છે. ભીલ જાતિની સ્ત્રીઓને અલંકારનો ખૂબ જ શોખ છે. પરંતુ એટલા વજનદાર અલંકારો સાથે જંગલમાં કંઈ કરવું ખૂબ જ કઠિન થઈ પડે એના નિવારણ રૂપ અલંકાર સિવાય સુંદરતાનું હલકું અને અનુકૂળ માધ્યમ છૂંદણા હોવાથી તેઓ છૂંદણા છૂંદાવે છે. અલંકારોની ચોરી થઈ જાય પરંતુ છૂંદણાં તો શરીર પર જ રહે.



ભીલ જાતિના આ આદિવાસીઓનું જીવન અતિ કષ્ટમય હોય છે. એ જીવન જીવવા માટે શરીરને કઠોર બનાવવું પડે. છૂંદણાં છુંદાવવાથી શરીરને પીડા થાય છે. એ પીડા સહન કરવાથી સહનશક્તિ વધે છે. એટલે જ નાનપણથી લઈને વયોવૃદ્ધ સુધીના લોકો છૂંદણાં છુંદાવે છે.

છૂંદણાંનો રંગ આછો પડતાં ફરી છૂંદાવે છે જેથી પીડા સહેવાની શક્તિ વધતી રહે છે. ભીલોની માન્યતા છે કે મનુષ્ય ખાલી હાથે આવ્યો છે અને ખાલી હાથે જશે. મૃત્યુ પછી તો અલંકારો અહીં જ રહી જશે પરંતુ છૂંદણાં મૃત્યુ પછી પણ શરીર સાથે જશે. તેઓ જ્યારે ભયભીત રહેતા હોય છે એવા સમયે જો શરીર પર દેવી-દેવતાઓના ચિત્રો દોરવામાં આવ્યાં હોય તો સતત તેમની ઉપસ્થિતિ છે એવી શ્રદ્ધા સેવે છે અને એમનો ભય દૂર થાય છે. પશુ-પક્ષીઓના ચિત્રોથી એમને લાગે છે કે પશુ-પક્ષીનું બળ પોતાના શરીરમાં આવી ગયું છે એટલે નિશ્ચિત થઈ જાય છે. એમના માટે છૂંદણા છુંદાવવાથી બીમારીઓ દૂર થઈ જાય છે એટલે જ નાનપણથી તેઓ છૂંદણા કરાવે છે. એ સિવાય સ્ત્રીઓના શરીર પર દેવી-દેવતા, સૂર્ય-ચંદ્ર જેવા દૈવી તત્ત્વો દોરવાથી તે વ્યભિચાર કરતી નથી અને કોઈ પરપુરુષ એને સ્પર્શ કરશે નહીં એવી માન્યતા ભીલ પુરુષોની હોવાથી સ્ત્રીઓના દેહ પર ફરજિયાત છૂંદણાં છુંદાવે છે.

આમ 'છૂંદણાં'કળા એ માત્ર સુશોભનનું કે સુંદરતાનું પ્રતીક ન રહેતાં તેમની આસ્થા, શ્રદ્ધા અને માન્યતાઓનું પણ દ્યોતક છે. પરંતુ આ છૂંદણાકળાની પારંપરિક પદ્ધતિ ધીમે ધીમે પરિવર્તન પામી રહી છે. મશીન દ્વારા છૂંદણાં છુંદાવવાની પ્રક્રિયા આરંભાઈ છે. એ ઉપરાંત અધિકાધિક શરીરના ભાગો પર વસ્ત્રપરિધાન કરવાથી છૂંદણાંનો ઉત્સાહ ઘટી રહ્યો છે. આમ છતાં શરીર સજ્જા અને જાતીય ઓળખ માટે છૂંદણા પ્રથા સાવ નષ્ટ નહીં જ થાય.

## ભીંતચિત્રોઃ

ઘરની દીવાલો પર વિવિધ રંગો અને રેખા સુશોભિત કરવાની કળા એટલે ભીંતચિત્રો. ભીંતને સુશોભિત કરવાની કળામાં 'પિઠોરા કળા' ઉત્તમ મનાય છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગુજરાતના ભીલો આ કળા સાથે અવિનાભાવે જોડાયેલા છે. પિઠોરા એ માત્ર ચિત્ર કળા નથી. પરંતુ ભીલોના એક તહેવારનું નામ પણ છે. પિઠોરા પાછળનું પુરાકલ્પન રસપ્રદ છે. ભીલોના માટે ઘણા સમય પૂર્વે ધર્મી નામના રાજાના શાસન દરમ્યાન રાજ્યમાંથી હાસ્ય, સુખ અને સમૃદ્ધિ લુપ્ત થઈ ગયા. રાજ્યને પુનઃ નવસંચારિત કરવા પિઠોરા નામનો રાજકુમાર પોતાનો ઘોડો લઈને નીકળી પડે છે. અત્યંત સંઘર્ષ, ઉપાસનાઓ પશ્ચાત્ 'હિમાલી હારડા' નામની દેવી પ્રસન્ન થાય છે અને પિઠોરાને કારણે રાજ્યમાં પુનઃ હાસ્યનું મોજું ફરી વળે છે. સુખસમૃદ્ધિ આવે છે. ત્યારથી દર વર્ષે શ્રાવણ મહિનામાં ભીલો પિઠોરા તહેવાર ઉજવે છે. પિઠોરા કળા દ્વારા બાળકોના કુશળ મંગળ, ઉત્તમ પાક અને સુખ સંપન્નતાની માંગણી કરવામાં આવે છે. પિઠોરા ચિત્રાંકન માટે કલાકારમાં આગવી સૂઝ-સમજ અને કૌશલ્ય હોવા આવશ્યક છે. પિઠોરા એકી



બેઠકે થતું ચિત્રાંકન છે તેથી કલાકાર વ્રત રાખીને એકધ્યાન, એકચિત્તથી પિઠોરાનું ચિત્ર કરે છે. એકાગ્રતાને કારણે એમાં દેવત્વ, પવિત્રતા, નિર્મળતા પ્રગટે છે. પિઠોરાની રચના ભલે કલાકાર દ્વારા થાય છે. પરંતુ એ માટે સમગ્ર સમુદાય પોતાનું યોગદાન આપે છે. કલાકારને થાક, કંટાળો ન આવે તે માટે આખી રાત નૃત્ય, ગીત-સંગીત, ભજનની રમઝટ બોલાવાય છે. આમ પિઠોરા સર્વ કળાઓનું સંગમ સ્થાન બને છે. ઘરની દીવાલો પર પિઠારોની ચિત્રકલા અંકિત કરવામાં આવે છે. તે માટે એક મોટી અને બે નાની દીવાલોની રચના કરે છે. સૌ પ્રથમ એ દીવાલોને છાણથી લીંપવામાં આવે છે અને ત્યાર બાદ તેના પર લાલ, લીલા, કેસરી, વાદળી, ગુલાબી રંગો દ્વારા વિવિધ આકૃતિઓ રચવામાં આવે છે. ઘરની મુખ્ય દીવાલ પર પિઠોરાદેવ અને તેમનો ઘોડો ચીતરવામાં આવે છે. અન્ય બે દીવાલો પર રાક્ષસો, પ્રકૃતિના પ્રતીકો, સમસ્યાઓ, દેવ-દેવીઓ વગેરેનુ ચિત્રાંકન થાય છે. ઘણીવાર લોકકથાઓ, પુરાકથાઓ, રોજિંદી જીવન ઘટના – કૃષિ, શિકાર, ઉત્સવો વગેરેનું પ્રતીકાત્મક આલેખન કરવામાં આવે છે. વર્તમાન સમયમાં શિષ્ટ સમાજના સંપર્કમાં આવવાને કારણે ભીલો પોતાની આ કલાને દીવાલો પરથી કાગળ, કાપડ અને કેનવાસ પર લઈ આવ્યા છે. તેમણે તૈયાર કરેલા ચિત્રોની બજારમાં ખૂબ માંગ છે. આમ, આ કળા એમની ધાર્મિક આસ્થા સિવાય આજીવિકાનું સાધન પણ બની ગઈ છે.

## ભૂમિચિત્રો :

જમીન પર દોરવામાં આવતાં ચિત્રો ભૂમિચિત્રો તરીકે ઓળખાય છે. જમીનચિત્રોમાં માંડણાંકળા પ્રચલિત છે. મધ્યપ્રદેશ અને રાજસ્થાનના ભીલો આ કળાનો સુંદર વિનિયોગ કરે છે.

'માંડણાં' એટલે 'સુશોભન કરવું'. આ કળા મોટેભાગે સ્ત્રીઓ દ્વારા કરવામાં આવે છે. સૌ પ્રથમ ગાયના છાણ સાથે માટી મિશ્રિત કરીને લીંપવામાં આવે છે. એ સુકાઈ ગયા બાદ એના પર ગોળ, ચોરસ, વગેરે ભૌમિતિક આકારોનું આલેખન કરવામાં આવે છે. માંડણાંકળામાં દેવદેવીઓનાં ચિત્રો, શુભચિહ્નો, ઉત્સવોની ઉજવણી વગેરે દિવ્યતાનાં પ્રતીક બનીને આવે છે. માંડણાંકળાએ શુભ પ્રસંગો, તહેવારો અને લગ્નના સમયે માંગલ્યના પ્રતીક તરીકે દોરવામાં આવે છે. ભીલો પોતાની અને ઘરની સુરક્ષા ઇચ્છે છે. સંપન્નતા વધારવી, દેવ-દેવીઓને આમંત્રણ આપવું વગેરે માંડણાંકળા પાછળનો ઉદ્દેશ છે. આ સિવાય સાંજી, થાપા, ચિત્રવન, ગોંણ્ડકળા વગેરેનો સમાવેશ પણ ચિત્રકળામાં જ થાય છે. ભીલ જાતિ માટે ચિત્રકળા એ માત્ર કળા નથી પરંતુ જીવંતપણાનું, સંસ્કૃતિનું દ્યોતક છે. આ કલાઓ તેમની શ્રદ્ધા-આસ્થા સાથે



ગાઢ સંબંધ ધરાવે છે. આ ચિત્રકળાઓ ભીલોની સામાજિક, ધાર્મિક, આધ્યાત્મિક માન્યતાઓનો સંગમ છે.

ભીલો પોતાની ચિત્રકળા કરવા માટે પ્રકૃતિનાં તત્ત્વોનો જ આધાર લે છે. છાણ, માટી, ગેરુ, ચોખાનો પાવડર, કોલસાનો પાવડર, બાવળની ડાળી, પાંદડા, ફૂલો, શાકભાજી વગેરે પ્રાકૃતિક સાધનો વાપરે છે. રંગપૂરણી માટે હળદર, કંકુ, કાજલ, સિંદૂર, મહેંદીનો ઉપયોગ થાય છે. પીંછી તરીકે વૃક્ષની ડાળી પર રૂ અથવા કપડું લપેટવામાં આવે છે. ભીલોની ચિત્રકળા સંપૂર્ણ રીતે પ્રતીકાત્મક છે. દા૦ત૦ 'બિંદુ' એટલે શક્તિનું સ્તોત્ર, 'ત્રિકોણ' – સત્ત્વ, રજસ અને તમસ, ભૂત-ભવિષ્ય-વર્તમાન, બ્રહ્મા-વિષ્ણુ-મહેશ વગેરે ત્રણ તત્ત્વોને દર્શાવે છે. 'ચતુષ્કોણ' – સ્થિરતા, શાસનનું પ્રતીક. 'પંચકોણ' – પંચતત્ત્વનું પ્રતીક, 'સ્વસ્તિક' – ચાર દિશાઓ. 'ચક્ર' – ઋતુચક્ર. સમય, ક્રાંતિ-ગતિનું પ્રતીક છે તો ઊભી રેખાઓ પ્રગતિનું પ્રતીક છે. આ ઉપરાંત ચિત્રકળાઓમાં આવતાં પશુ-પક્ષીઓ પણ કોઈને કોઈ પ્રતીક સાથે જોડાયેલાં છે. દા૦ત૦ 'હાથી' – સત્તા, શક્તિ, જ્ઞાનનું પ્રતીક અને ઇન્દ્રનું વાહન, 'ઘોડો' – સત્તા, શક્તિ અને પ્રસન્નતાનું પ્રતીક, 'બળદ' – કૃષિ અને મહેનતનું પ્રતીક, 'માછલી અને પોપટ' – કામવાસનાનું પ્રતીક, 'મોર' – પ્રેમ અને સુંદરતાનું પ્રતીક.

આમ, સમગ્રતઃ આદિવાસી ભીલ જાતિ આપણને વિવિધ પ્રાંતમાંથી મળે છે એટલે સ્થળ ક્ષેત્રના ભેદત્વને કારણે થોડી ભેદરેખા દેખાય છે પરંતુ આ કળાઓના મૂળમાં ક્યાંક ને ક્યાંક એકાત્મતા, એકસૂત્રતાના દર્શન થાય છે. એટલે જ કહી શકાય આ કળાઓ આદિવાસી સંસ્કૃતિની ધરોહર છે.


*['કંઠસંપદા', ઑગસ્ટ ૨૦૧૬]*



# થોડાક દંપતીપ્રકાર

## ન. પ્ર. બૂચ

*ગ્રામદક્ષિણામૂર્તિ અને લોકભારતીના ઉત્તમ અને વિદ્યાર્થીવત્સલ શિક્ષક તરીકે જાણીતા **નટવરલાલ પ્રભુલાલ બૂચે** (૧૯૦૬-૨૦૦૦) હળવા નિબંધો લખેલા એ **'રામરોટી'** તથા બીજા ચાર સંગ્રહોરૂપે પ્રગટ થયેલા છે. એ બધાંમાંથી, આપણા જાણીતા હાસ્યકાર **રતિલાલ બોરીસાગરે 'શ્રેષ્ઠ હાસ્યરચનાઓ'**(૨૦૦૭) નામે સંપાદન કરેલું છે.*




પ્રાચીન કાળના નાટ્યશાસ્ત્રીઓએ નાયક-નાયિકાઓના કેટલાક ભેદો બતાવ્યા-ચર્ચ્યા છે; તેના જેવો આ પ્રયત્ન છે. ખરી રીતે ઘરઘરમાં દંપતીનો એક વિશિષ્ટ પ્રકાર હોય છે. કહેવાય છે કે દુનિયામાં કોઈ પણ બે માણસોના ચહેરા તદ્દન સરખા નથી હોતા. તે જ રીતે કોઈ પણ બે જોડાં એકસરખાં કદી હોતાં નથી. પણ જેમ બધી જાતનાં પાત્રોનું આલેખન કરવું શક્ય નથી, તેમ બધી જાતનાં જોડાંનું વર્ણન પણ શક્ય નથી; થોડાક નમૂના જ આપી શકાય. આપણે આપણા સમાજમાંથી પતિપત્ની-યુગ્મના ત્રણચાર નમૂના જોઈએ.

એક જ પ્રસંગે કે બનાવ ઉપર દરેક ઘરમાં પતિ અને પત્નીના પ્રત્યાઘાતો જુદા જુદા થાય. પ્રત્યાઘાતો કેવા થશે તેનો આધાર કેવા પ્રકારનું યુગ્મ છે તેના ઉપર રહેશે. આપણે એક પ્રસંગ લઈ તેના ઉપર જુદા જુદા પ્રકારનાં પતિપત્ની-યુગ્મોના પ્રત્યાઘાતો જોઈએ.

પ્રસંગ એવો છે કે એક દિવસ પત્નીને હાથે શાક અને કઠોળમાં મીઠું વધારે પડે છે. પ્રકારવાર એ પ્રસંગના પ્રત્યાઘાતો જોઈએ.

### પહેલો પ્રકાર : કેવલ મધુર પ્રકાર

આ પ્રકારમાં પતિપત્ની બંને સંસ્કારી, સુશિક્ષિત, પ્રેમાળ અને અત્યંત સૌમ્ય છે. ખાતી વખતે શાક-કઠોળ ખારાં થયાં છે તે તરફ પતિનું ધ્યાન જ જતું નથી; અથવા તો તે પ્રકારના કોઈ પતિનું ધ્યાન જાય છે તો તે કશું કહેતો નથી. પત્ની ખાવા બેસે છે ત્યારે તેને ખબર પડે છે કે, શાક-કઠોળ તો બહુ ખારાં થયાં છે. જમી-પરવારી પતિ સાથે પાન ખાવા બેસતી વખતે પત્ની પતિને પૂછે છે :

થયાં હતાં આજ ઘણાં સ-લૂણાં
કઠોળ ને શાક, છતાં, સલૂણા!
ખાતાં તમે કેમ કશું કહ્યું ના?
રહ્યા હશો ભોજન માંહ્ય ઊણા.

પતિનું ધ્યાન શાક-કઠોળની ખારાશ તરફ ગયું જ નથી. પ્રેમાળ અને કલારસિક પતિને ઉચિત એવો જવાબ તે આપે છે :

હતાં ખરે! શાક-કઠોળ ખારાં?
મને ન લાગ્યાં લવ કિંતુ; તારા
લાવણ્ય પાસે અભિરામ ગાત્રનાં
લાવણ્ય ફીકાં બસ વસ્તુમાત્રનાં.'

અથવા તો પતિનું ધ્યાન ખારાશ તરફ ગયું હતું, પણ તેણે તે વિશે કાંઈ કહ્યું નહોતું. હવે તે ખુલાસો કરે છે :

કઠોળ-શાકે અતિશે જણાતાં
લાવણ્ય, લાવણ્યમયિ પ્રિયે, મેં
માન્યું : હશે બે બન્યાં સ-લૂણાં,
લાવણ્ય તારું છલકાઈ જાતાં.'

## પ્રકાર બીજો : ખટમધુરો પ્રકાર

આ પ્રકારમાં પતિપત્નીનું જીવન કેવળ મધુર રસમય નહિ તો પણ મધુર રસપ્રધાન તો છે જ; પણ અપવાદ જેમ નિયમને શોભાવે તેમ જીવનની મધુરિમાને રોચક બનાવે તેવી અને તેટલી ખટાશ તેમના જીવનમાં છે, જે કોઈક કોઈક વાર પ્રણયકલહ રૂપે અને ઝાઝે ભાગે બંને પક્ષે વિનોદ રૂપે દેખાયાં કરે છે. પતિ ખાવા બેસે છે. ચૈત્ર માસ છે અને આજ પત્નીનું અલૂણું વ્રત છે, જે વ્રત ભવોભવ એ જ પતિ મળવા માટે સ્ત્રીઓ ચૈત્ર માસમાં અમુક દિવસ મીઠા વિનાનું ખાઈને કરે છે. વ્રતને કારણે પત્ની આજ અગાઉથી રસોઈ ચાખી શકી નથી; નહીં તો તેનો વિનોદી પતિ વારંવાર પતિવ્રતા સ્ત્રીઓ માટે જે 'ત્રિસૂત્રી'નું ઉચ્ચારણ કરે છે, તેનું પાલન કરી તે રસોઈ જમી તો નથી લેતી પણ ચાખી લે છે ખરી, તે ત્રિસૂત્રી તે આ :

પતિવ્રતા સ્ત્રીએ –

(૧) પતિના સૂતા પહેલાં સૂઈ જવું. જેથી પતિને રાતે લખવા-વાંચવામાં કે (પતિ માસ્તર હોય તો) નોટબુકો કે ઉત્તરપત્રો તપાસવામાં આડે ન અવાય.

(૨) પતિના ઊઠ્યા પછી ઊઠવું, જેથી પતિની ઊંઘમાં, પોતાના ઘરમાં હરવા-ફરવાથી ખલેલ ન પડે; અને

(૩) પતિના જમ્યા પહેલાં જમી લેવું, જેથી રસોઈ ખારીમોળી થઈ હોય તો ખબર પડે ને સુધારી લેવાય.

આજે પોતે રસોઈ ચાખી શકી નથી એટલે પતિને પૂછે છે ને બંને વચ્ચે નીચે પ્રમાણે વાર્તાલાપ – કહો કે કાવ્યાલાપ થાય છે.

પત્ની : કઠોળ ને શાક બન્યાં છ કેવાં?
પતિ : કઠોળ ને શાક મહીં ન મીઠું.
પત્ની : નાખ્યું છ, ચોક્કસ.
પતિ : સુણ વાત પૂરી :
'મીઠા મહીં શાક-કઠોળ નાખ્યાં!'

પત્ની પણ ખુશમિજાજ અને વિનોદી છે; હસી પડે છે અને પછી ખુલાસા રૂપે કહે છે :

પત્ની : 'મીઠાં મહીં શાકકઠોળ તો શું
મીઠા મહીં જીવન જીવતી હું;
આ હાસ્ય મીઠું, તમ વાક્ય મીઠું' –
પતિ : 'તેથી જ, મીઠી, કરતી અલૂણાં?'

## પ્રકાર ત્રીજો : ક્ષારપ્રધાન પ્રકાર

આ પ્રકારનાં પતિ-પત્નીના જીવનમાં માધુર્ય નહિ જેવું છે. તેઓ એકબીજાંને અનુકૂળ થઈ શક્યાં નથી. આષાઢી આકાશની જેમ તેમનું જીવન હંમેશાં ઘેરાયેલું રહે છે. અષાઢનાં વાદળાંમાં જેમ કોઈક વાર ઉઘાડ ડોકિયું કરી જાય, તેમ તેમના જીવનમાં ક્વચિત્ ક્વચિત્ ઉલ્લાસ ડોકિયું કરી જાય; પણ જેમ કેટલાંક દિવેલિયાં મોં પર હાસ્ય શોભે જ નહિ, તેમ એ ઉલ્લાસ તેમના જીવનમાં જાણે કે શોભતો નથી. તેમનું મન વિષાદભર્યું અને વાણી મોટેભાગે કટાક્ષભરી હોય છે. માત્ર એટલું કે તેમનો જ્વાળામુખી કદી ફાટતો નથી. તેવા પતિને શાક ને કઠોળ ખારાં તો લાગ્યાં છે, પણ જરા ખામોશી પકડી તેમણે કહેવાનું માંડી વાળ્યું છે, અને મૂંગેમૂંગું ખાઈ લીધું છે. પણ પછી પત્ની જ્યારે ખાવા બેસે છે ત્યારે તેને ખબર પડે છે કે શાક-કઠોળ તો ખારાં ઊસ જેવાં છે. પોતાની ભૂલ તો કોરે રહી પણ પતિના મૌન બદલ તે પતિને કહે છે :

'થયાં હતાં શાક-કઠોળ ખારાં,
છતાં તમોને ખબરે પડી ના!
ના સ્વાદ કેરી કંઈ યે ગતાગમ;
માતાપિતાએ કંઈ શીખવ્યું ના.'

આવાં વેણ સાંભળી પતિથી રહેવાતું નથી અને તે સામો તેવી જ કટુ વાણીમાં જવાબ આપે છે :

'ખારાશ તારા ઉર-અબ્ધિનીએ,
વ્યાપી કર્યું જીવન છેક ખારું;
ખારાશ એ બેહદ નિત્ય ચાખતાં
મને ન લાગે કંઈ અન્ય ખારું.'

## પ્રકાર ચોથો : ક્ષારામ્લ પ્રકાર

આ પ્રકારમાં પતિ-પત્ની બંને ઉગ્ર સ્વભાવનાં છે. પતિ અમ્લ એટલે તેજાબ જેવો છે તો પત્ની ક્ષાર એટલે આલ્કલી જેવી છે. તેજાબ અને આલ્કલી ભેગાં થાય ત્યારે જેમ ઊભરો આવે તેમ આ પતિ-પત્નીના જીવનમાં રોજ-બ-રોજ કલહ કે યુદ્ધરૂપી ઊભરા આવે છે. ક્ષાર અને અમ્લનું મિશ્રણ ઊભરાઈને જેમ પાત્રની બહાર છલકાઈ જાય, તેમ આ પતિ-પત્નીનો ઝઘડો ઘરની બહાર, વધારે દૂર નહિ તો શેરી કે પોળના નાકા સુધી તો જરૂર સંભળાય. વળી

તેઓ ત્રીજા પ્રકારનાં પતિ-પત્ની જેમ માત્ર જીભથી જ નથી અટકતાં; વાત હાથપગ કે આંકણી-વેલણ સુધી અવારનવાર પહોંચે છે. એવો પતિ ખાવા બેસે છે ને પહેલે જ કોળિયે :


થૂ થૂ કરી, ભોજનથાળ ફેંકી,
તાતો થઈ, ત્રાડ દઈ કહેતો :
'મીઠું લઈ ગામ સમસ્તનું શું
ઝીંક્યું બધું શાક મહીં, કભારજા?'

બીજી હોય તો ગભરાઈ ઊઠે કે રડી પડે. પણ તેવા મુલાયમ વર્ગની આ પત્ની નહીં. તે તો પતિથી સવાઈ છે અને તેટલી જ ઉગ્રતાથી પતિને સવાયો જવાબ આપે છે :

'મીઠા તણી તાણ રહી ગઈ છે
જે આપશ્રીમાં બહુયે હજી લગી,
તે પૂરવા કાજ જ, સાંભળ્યું કે,
મીઠું ઘણું વાપરવું પડે છે;
કાલે સવાયું પડશે હજી તો!'

આપણે દંપતીના ચાર પ્રકારો જોયા. હું આગળ કહી ગયો તેમ દંપતીના અસંખ્ય પ્રકારો છે. પણ તે બધાંનું વર્ણન કરવા માટે વેદવ્યાસની શક્તિ જોઈએ. એ મારામાં નથી.

*[શ્રેષ્ઠ હાસ્યરચનાઓ, સંપા. રતિલાલ બોરીસાગર,૨૦૦૭]*



## સંસ્કૃત સુભાષિત-સૌરભ – કુલીનચંદ્ર યાજ્ઞિક, ૨૦૧૫

## વિશે–

### રમણ સોની

સંસ્કૃત સુભાષિતો અને એના અનુવાદોનાં પુસ્તકો તો ઘણાં થાય છે. પણ આ સુયોજિત સંચય, એની ઘણી વિશેષતાઓથી જુદો તરી આવે છે. સવા બસો જેટલાં સુભાષિતોને એના અન્વયકાર અનુવાદકે પ્રાર્થના, ચિંતન, નીતિ, ચાતુરી, વર્ણન એવા વિષયવિભાગોમાં વિભાજિત કરીને મૂક્યાં છે. દરેક વિભાગમાં છંદવાર (પ્રથમાક્ષરના) અકારાદિક્રમે; છંદક્રમમાં પણ પહેલાં ટૂંકા છંદોનાં ને પછી લાંબા છંદોનાં (એ રીતે સરળથી સંકુલ તરફ જતા) ક્રમે ગોઠવ્યાં છે. સંસ્કૃત ભાષા પણ સમજાતી જાય ને શ્લોકો જીભે પણ ચડતા જાય. છંદગાનની તાલીમ ને આનંદ મળે એવો પણ એમનો આશય છે.

મૂળ દેવનાગરીમાં સુભાષિત, એની સામે સમશ્લોકી ગુજરાતી અનુવાદ, નીચે શબ્દાર્થનોંધ આપતો અન્વય અને છેલ્લે શ્લોકનો ગદ્ય અનુવાદ – એ ક્રમે કુલીનચંદ્ર યાજ્ઞિકે સુભાષિતોમાં સ્વાદ-સમજૂતી એક સાથે આપવા તાક્યાં છે.

પરંતુ, જેમને સુભાષિતોમાં કેવળ સુભાષિતો તરીકે જ બહુ રસ પડતો ન હોય એમને પણ, અહીં સમશ્લોકી અનુવાદોમાં ચોક્કસ રસ પડવાનો. છંદ પર અને ભાષા પર કુલીનચન્દ્ર યાજ્ઞિકની એવી સહજ પકડ છે કે સમ-શ્લોકો બહુ વિશદ થઈ આવ્યા છે. સંસ્કૃતની સમાસઘનતા અને અન્વય-સંકુલતા તે જ છંદનું માપ જાળવીને ગુજરાતી અનુવાદ આપવામાં અનુવાદકને હંફાવે જ – ઘણો શ્રમ કરાવે. એ શ્રમ પછી પણ, સમશ્લોકી ગુજરાતી અનુવાદ ક્યારેક દુર્ગ્રાહ્ય કે અગ્રાહ્ય બને એવી પૂરી શક્યતા. કુલીનચંદ્ર યાજ્ઞિકે ઝીણાં સૂઝ-સમજ અને, અલબત્ત, ભાષા-સર્જકતા દાખવીને અનૂદિત શ્લોકોને મહદ્ અંશે સુગ્રાહ્ય, રસગ્રાહ્ય બનાવ્યા છે. શક્ય હોય ત્યાં આ ગુજરાતી અનુવાદમાં અપરિચિત તત્સમ શબ્દોને ટાળ્યા છે. થોડાંક દૃષ્ટાંતો જોવાં જોઈએ :

| | |
|---|---|
| અજ્ઞાનતિમિરાન્ધસ્ય | અજ્ઞાને અંધ નેત્રોને |
| જ્ઞાનાજ્જનશલાકયા। | દેખતાં જેમણે કર્યાં |
| ચક્ષુરૂન્મીલિતં યેન | અંજન જ્ઞાનનું આંજી, |
| તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥ | તેવા શ્રી ગુરુને નમું. |

(સુભાષિતઃ ૨)

મૂળના 'તિમિર' શબ્દને ટાળવા છતાં 'અજ્ઞાને અંધ'માં અર્થ સ્પષ્ટ રહે છે. મૂળના ત્રીજા ચરણને બીજા ચરણમાં લઈ જઈને એમણે સંસ્કૃતની રૂપક-સમાસ-સંકુલતાને હળવી કરીને ગુજરાતીને અનુકૂળ કરી છે – 'અંધ નેત્રોને દેખતાં જેમણે કર્યાં અંજન જ્ઞાનનું આંજી' – એવો, સરળતાથી ગ્રહણ થાય એવો પદાન્વય કર્યો છે.

એ જ રીતે સુ. ૩૪માં એમણે 'પુરારે' શબ્દને ટાળીને અનુવાદ વિશદ-પ્રવાહી રાખ્યો છે. સંસ્કૃતમાં આવાં ભક્તિ/આદર-ઉદ્‌ગારવાચકો આછા અર્થસંદર્ભે બેવડાતાં પણ હોય છે. અહીં 'પુરારે' અને 'ઇશ' એવાં બંને સંબોધનો શંકર માટે જ હતાં. એટલે પુરારેને બલાત્ સમાવવા જતાં અન્વય ક્લિષ્ટ થવા સંભવ હતો.

તો ક્યાંક એમણે ઉક્તિ ઉમેરી પણ છે. સમશ્લોકી અનુવાદ કશું ઉમેરણ ખમી શકતો હોતો નથી એટલે પદાન્વય-કૌશલ દાખવવું પડે. દા૦ત૦ સુ. ૧૩૬. 'લાઙ્ગૂલચાલનમ્૦'વાળા આ જાણીતા શ્લોકમાં 'શ્વાનો હલાવી પૂંછડી/બટકું મળે ત્યાં...' એમાં 'બટકું મળે ત્યાં...' પદો ઉમેર્યાં છે તે મૂળમાં નથી. મૂળમાં 'ભુङ्क्તે' એ ક્રિયાપદ કૂતરું અને હાથી બન્નેને સંયુક્ત રીતે લાગુ પડી શકે છે, પણ એ લક્ષણ ગુજરાતી અનુવાદમાં પ્રવેશી ન શકે.

'કર્મણ્યેવાધિકારસ્તે' એ (સુ૦ ૫૨) જાણીતા શ્લોકનો અનુવાદ એટલો સરળ-વિશદ છે કે એ જાણે સીધો ગુજરાતીમાં ઊગ્યો હોય એમ લાગે. એમાં પણ, ત્રીજા ચરણનો અનુવાદ જુઓઃ 'મા કર્મફલહેતુર્ભૂ'દ –'ફળનો હેતુ ના સેવ.' 'મા ભૂઃ' નું 'ના સેવ' કેટલું સહજ અર્થ-વાહી લાગે છે!

આ તો માત્ર થોડાં દૃષ્ટાંત. આવી ભાષા-છંદ-સંક્રમણની સૂઝ લગભગ બધે જોઈ શકાય છે.

અલબત્ત, ક્યાંક એમ પણ થવાનું કે, એમણે કર્યું છે એથી જરાક જુદી રીતે કરતાં વધારે સુગમ પદાન્વય કરી શકાયો હોત. જેમકે 'વિદ્યા વિવાદાય'૦ (સુ૦ ૧૨૩)નો એમનો અનુવાદ(અ), અને મેં ફેરવીને કરેલો અનુવાદ(આ) – સાથે સાથે મૂકી જોઉં :

| (અ) | (આ) |
|---|---|
| વિદ્યા વિવાદો, ધન દર્પ સારુ. | વિદ્યા વિવાદાર્થ, ધન દર્પ માટે, |
| શક્તિ બીજાને પીડવા જ સારુ, | શક્તિ બીજાને પીડવા પ્રયોજે |
| દુષ્ણો તણાં, સજ્જનનાં પરંતુ | દુષ્ટો; પરંતુ જુદું સજ્જનોમાંઃ |
| જ્ઞાનાર્થ દાનાર્થ વ રક્ષણાર્થ | જ્ઞાનાર્થ, દાનાર્થ ચ રક્ષણાર્થ. |

આવો વ્યાયામ-આનંદ કરવા મન થાય એ પણ યાજ્ઞિકસાહેબના આ અનુવાદોનું એક વાચન-આસ્વાદન-મૂલ્ય જ ગણાય.

ક્યાંક, ખાસ કરીને શાર્દૂલવિક્રીડિત અને સ્રગ્ધરા જેવા દીર્ઘ છંદોના શ્લોકોના અનુવાદમાં મુશ્કેલી પણ વરતાય છે – જેમકે સુ૦ ૧૯૩ 'મૂર્ખોઅશાન્તતપસ્વી' (સ્રગ્ધરા) અને સુ૦ ૨૦૭ 'હારો ભાતિ' (શાર્દૂલ૦) અનુવાદો ક્લિષ્ટ કે દુર્ગમ રહી ગયા છે.

લેખકે બીજા વિષયો ઉપરાંત ‘સુભાષિતપ્રશંસા’ વિભાગ કરીને પણ કેટલાંક સુભાષિતો મૂક્યાં છે એમાં એકની ચમત્કૃતિ રસ પડે એવી છે : ‘સંસારે ત્રણ રત્નો છે/જળ, અન્ન, સુભાષિત./પથ્થરોને વૃથા મૂર્ખો/ઓળખે ‘રત્ન’ નામથી’ (સુ૦ ૨૨૦)

પુસ્તકને અંતે સંસ્કૃત સુભાષિતોના પ્રથમાક્ષરોની અકારાદિક્રમ સૂચિ આપી છે એ ઇચ્છિત સુભાષિત સુધી જવાની સુવિધા આપે છે. વળી, પ્રસ્તાવનામાં એમણે એક બીજું વર્ગીકરણ પણ નિર્દેશ્યું છે – પ્રાર્થના અને હાસ્ય, પાદપૂર્તિ અને અર્થાન્તરન્યાસ, શ્લેષ, નાન્દી, સમસ્યા, ચમત્કૃતિ વગેરે અને દરેકની સામે સુભાષિતક્રમ નોંધ્યા છે. એમણે બધાં જ સુભાષિતોની આવી વિષયસૂચિ પણ આપવા જેવી હતી.

સંસ્કૃત ભાષા અને સાહિત્યના સંસ્કાર બાળપણથી જ કેવા સિંચાય છે એની વાત એમણે પ્રસ્તાવનામાં કરી છે એ પણ પ્રેરક છે.

નિવૃત્તિ પછીના નિજાનંદી સમયને એમણે સંસ્કૃતના સંસ્કાર-અધ્યયનના વારસાને સુભાષિતોના અનુવાદોમાં પ્રયોજીને, ‘અખંડ આનંદ’માં શ્રેણી ચલાવી એના પરિણામ રૂપે આ પુસ્તક આપણને મળ્યું છે.

*[પ્રત્યક્ષ, જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૧૬]*

## ફળની વેરાએ ઊડિલો લઈ ગયો – [સંપાદક] પ્રશાંત પટેલ, યોગેશ પટેલ,૨૦૧૫ વિશે– રમણ સોની

સંસ્થાના ગુજરાતી લોકવિદ્યા વિભાગના બે અધ્યાપકોએ ક્ષેત્રકાર્ય કરીને, મહીસાગર જિલ્લાના પાટીદાર સમાજમાં ગવાતાં લગ્નગીતોનું કંકોતરી અને ગણેશસ્થાપનથી માંડીને મંગળફેરા અને કન્યાવિદાય સુધીના ક્રમબદ્ધ વિભાગોમાં વહેંચીને કરેલું આ સંકલન છે. સંપાદકોની વિગતવાર પ્રસ્તાવના અને પરિશિષ્ટો જોતાં એનું મહત્ત્વનું સમાજશાસ્ત્રીય દસ્તાવેજી મૂલ્ય ઊપસે છે. એ સાથે જ આ દોઢસો જેટલાં લગ્નગીતોનું એક લાક્ષણિક આસ્વાદ-મૂલ્ય પણ ઊપસે છે – એ કદાચ સાહિત્યરસિકો માટે વધારે રસપ્રદ નીવડશે. (પુસ્તક સાથે, લગ્નગીતોના ગાનની ઘનાંકિતા(CD) પણ મૂકેલી છે.)

લોકગીતોની એક વિશિષ્ટ વ્યંજનાશક્તિ હોય છે એ કોઈવાર રૂપક રૂપે, કોઈવાર ચિત્ર-કલ્પનરૂપે દેખાતી હોય છે. થોડાક નમૂના જોઈએ :

૧. વર-કન્યા/પતિ-પત્નીની મજાકભરી સરખામણી

‘સોખલિયા મોટા ને કણચી નાની રે કેસરિયા લાલ’
[ચોખલિયા(ચોખા) અને કણકી]  (પૃ૦ ૭૬)

૨. કન્યાનો મામેરા અંગેનો ઉલ્લાસ
'હું તો ચંપે ચડું ને કેળે ઊતરું' (પૃ૦ ૯૦)

૩. લગ્ન માટે ફેરા ખાતો ને કન્યાને ઊપાડી લઈ જતો વર. એને ટોણો.
'બગલું બતરી ફેરા ખાય રે,
બગલું બતરી ફેરા ખાય રે...
xxx
બગલું રમાબેનને લેતું જાય રે,
ઓહણ મારા બકોરભાઈ દોડ્યા દોડ્યા જાય રે' (પૃ૦ ૧૧૩)

૪. વેવાઈને ઠપકો, એમની હળવી મજાક.
'અંધારિયામાં તેડ્યો તાંણી અજવારિયામાં આયો,
મારા નવલા વેવઈ, તારો આવો ચેવો વાયદો' (પૃ૦ ૧૩૨)

૫. ફટાણું – અહીં મજાક છે, અશ્લીલ ટોણો નથી.
'પાછી પાશી રે વેવૉણ તારી ઘાઘરી ગંધાય...' (પૃ૦ ૧૩૭)

૬. ઉતાવળિયા વર/જાનૈયાઓને સણસણતો ટોણો. ચિત્ર સરસ છે.
'થંભી રહો થંભી રહો મંડપની બા'ર,
ઉતાવર સીદને કરો છો...
અજુ અમારાં બેની દાતણ ડાંરે છે,
દાતણ ડાંરતાં લાગશે ઘણી વાર' (પૃ૦ ૧૫૬)

અને જેના પરથી સંપાદકોએ શીર્ષક કર્યું છે, એ વ્યંજનાસભર કાવ્યાત્મક પંક્તિઓ :

'એક આંબો ઉશેર્યો હવા લાખનો...
એને ઉશેરતાં લાગી ઘણી વાર...
ફળની વેરાએ ઊડિલો લઈ ગયો...' (પૃ૦ ૧૮૬)

આવા ઉપયોગી અને સરસ સંપાદનમાં એક અપેક્ષા એ રહે છે કે થોડાંક પસંદ કરેલાં લગ્નગીતોના ટૂંકા આસ્વાદો સંપાદકોએ મૂક્યા હોત. એથી એનું મૂલ્ય વધી જાત. વળી, મુદ્રણની અહીં ઘણી ભૂલો છે. અનુસ્વારોની અરાજકતા, જોડણીમાં બેધ્યાનપણું ('ઘાલજો'ને બદલે 'ગાલજો', વગેરે), શબ્દો છૂટા પાડવાને કારણે વધતી અસ્પષ્ટતાઓ (તાબાંતે કુડીઓ સવાગજ ઊંડીઓ [તાંબા તે કૂંડીઓ સવા ગજ ઊંડીઓ]; મોરારાજ [મોરા રાજ], ચમના લાઈ રે [ચમ ના લાઈ રે], વગેરે) – ક્લેશકર છે. શબ્દાર્થો પણ અપૂરતા મુકાયા છે.


આવાં સંપાદનો વધારે થાય ને વધુ કાળજીથી થાય એવી શુભેચ્છા સાથે અભિનંદન.

*[પ્રત્યક્ષ, જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૧૬]*

# ચન્દ્ર : કેટલાંક સ્મરણચિત્રો

નીતિન મહેતા

*આધુનિક ગુજરાતી કવિતામાં એક આગવો અવાજ પ્રગટાવતા શક્તિમંત કવિ અને એક વિદગ્ધ વિવેચક તરીકે* **નીતિન શાંતિલાલ મહેતા** *(૧૨-૪-૧૯૪૪ – ૧-૬-૨૦૧૦) સ્મરણીય છે. ‘નિર્વાણ’ જેવા કાવ્યસંગ્રહો તથા* **‘નિરંતર’** *વગેરે વિવેચનસંગ્રહો એમનું મૂલ્યવાન પ્રદાન છે. નીતિને મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે શિક્ષણ અને સાહિત્યની પ્રવૃત્તિઓને સંચારશીલ રાખી હતી અને દૃઢ બનાવી હતી. નીચેનું કાવ્યગુચ્છ એમના મરણોત્તર કાવ્યસંગ્રહ ‘અનિત્ય’માંથી છે.*




**૧.**


કોઈ અષ્ટમીની રાત્રિના
અંતિમ પ્રહરે તું
મારામાં ચન્દ્રની જેમ આથમે છે
ત્યારે
હવામાં પથ્થરોનાં નગારાં
અશ્વોની ખરીઓના રઝળપાટ
અને ઊંડી ખીણના સ્વરો
ગુંજતા રહે છે

૨

પ્લાસ્ટર ઊખડી ગયેલા
ઘરના ખૂણાના ભાંગેલા ટેબલ પર
હાથા વિનાના કપમાં
ડહોળાયેલા પાણીમાં માટી ખરે છે
અને ઝાંખો ઝાંખો ચન્દ્ર બહાર આવે છે
ઉંદરને પકડવા દોડતી બિલાડી
કપ પર પડે છે
અને રેલાઈ ગયેલો ચન્દ્ર
માટીમાં રગદોળાઈ જાય છે
બીજે દિવસે માટીવાળા હાથનાં
ધાબાં મારાં કપડાં પર
હથેળીની ઊખડી ગયેલી
ચામડીમાં ઝાંખોભૂરો સિસકારો
વરસાદ ક્યારે પૂરો થશે?

૩

આછા અંધારામાં
બારી પાસેની તૂટેલા હાથાવાળી
ખુરસીમાં
શબ્દોની પાછળ બેસી
દૂર ચન્દ્રને ઢાંકી દેતાં
વાદળને જોઉં
સામેના ગ્લાસની આજુબાજુ
વળગેલાં પાણીનાં ટીપામાંથી
ટીપોય પર
સરતા ઇતિહાસને ટેરવાં પર ઝીલી
ફૂંક મારું
વાદળું હઠે
ઓરડામાં ચાંદની
ખુરસીના હાથામાં
એક કૂંપળ




*[અનિત્ય, ૨૦૧૪]*

# બૅંક (સમ-સંવેદના)

## રમેશ કોઠારી


છેલ્લા કેટલાય દિવસોથી લાંબી કતારમાં કલાકો સુધી ઊભા રહ્યા બાદ પણ તેનો વારો આવે તે પહેલાં રોકડ રકમ ખલાસ થઈ જવાથી અલી ડોસાને પાછા ફરવું પડતું હતું. આજે તો ઠંડી વિશેષ હતી. બહાર ધુમ્મસને કારણે નજીકની વ્યક્તિ કે વસ્તુને પણ ઓળખવામાં, તેની ક્ષીણ થતી જતી દૃષ્ટિને કારણે તકલીફ પડતી હતી.

મરિયમ પૈસાની રાહ જોતી હશે અને તે પામર પિતા તેને સહાયરૂપ થઈ શકતો નથી, એ વિચારે તેને અકળાવતો હતો. આજે તો કોઈ પણ હિસાબે પૈસા લઈને જ પાછો આવીશ એ દૃઢ નિશ્ચય કરી તે ઝૂંપડી બહાર નીકળ્યો. પ્રાતઃ કર્મ માટે ય સમય બગાડ્યો નહિ.

તેના દ્વારા પૂછાતા બાલિશ પ્રશ્નો, 'આજે તો કેશ આવશે ને?' ફક્ત બે હજાર જ ઉપાડવા મળશે? આજનો ટોકન કાલે રજૂ કરીએ તો આગળ ઊભા રહેવા મળે? આજે પહેલા શનિવારે બૅંક ચાલુ હશે? સિનિયર સિટીઝનનું કાર્ડ રજૂ કરવું પડે? વગેરેને કારણે તે ઠીક ઠીક હાસ્યાસ્પદ બનતો હતો. જેના કડપને કારણે લોકો થરથરતા હતા એ અલી ડોસો આજે દયનીય હાલતમાં મહેણાંટોણાં સાંભળી મનમાં સમસમી જતો હતો. પણ ઉપાય પણ શો હતો?

વહેલા નીકળવા છતાં ય, બૅંક દૂર હોવાને કારણે અને ઝડપથી ચાલવા અશક્ત હોવાના કારણે અલી ડોસો પહોંચ્યો ત્યારે લાઇન લાંબી થઈ ગઈ હતી.

લાઇનમાં રાહ જોતાં જોતાં તેનું મન વિચારોમાં ચકરાવે ચડ્યું. ક્યારેક આવી જ કોઈ બૅંકની બહાર સિક્યુરીટી ગાર્ડ તરીકે તેણે ઘણાંને અપમાનિત કર્યાં હતાં, ધક્કો મારી કાઢી મૂક્યાં હતાં, વૃદ્ધો કે મહિલાઓની વિનંતીને પણ ગણકારી નહોતી.



ફરજ પર હાજર થતા કોઈ કર્મચારીને જોઈ અલી ડોસો પૂછી બેઠો, 'સાહેબ, આજે તો કેશ આવી ગઈ છે ને?' મને મારા પૈસા મળશે?

'હા, ભાઈ હા, હશે તો મળશે. કોઈ તારા પૈસા ખાઈ નહીં જાય.' સરકારી કર્મચારી આટલી ઓછી તોછડાઈ અને આથી વધુ કઈ શિષ્ટ ભાષામાં વાત કરી શકે?

અલી ડોસાને મન બૅંક જ તીર્થસ્થાન બની ગઈ હતી. લગભગ દરેક કર્મચારી માટે એ પરિચિત ચહેરો બની ગયો હતો. અંતે બનવાકાળ બનીને જ રહ્યું. ત્રણ કલાક ઊભા રહ્યા બાદ પણ પરિણામ શૂન્ય.

જોરદાર પવનના સૂસવાટા પણ તેના મનમાંથી મરિયમના વિચારો ખંખેરી શક્યા નહીં. રસ્તામાં તેણે કુરાનની આયાતોનું રટણ ચાલું રાખ્યું. ભૂખ, શ્રમ અને હતાશાને કારણે, ઝૂંપડીમાં પહોંચતાંવેંત તેણે લંબાવ્યું. જાગ્યો ત્યારે રસોઈ બનાવવાની હામ હતી નહીં. ભલો પાડોશી, પરિસ્થિતિની જાણ થતાં, સાંજે જમવાનું આપી ગયો.

મરિયમની નાનામાં નાની ઇચ્છાને પણ તે પૂરી કરતો આવ્યો હતો અને આજે? જૂના સ્વભાવને તેણે અંકુશમાં ન રાખ્યો હોત તો આજે બૅંક સળગાવી નાખી હોત. મરિયમના બાળપણના ફોટા જોતાં જોતાં ક્યારે આંખ મળી ગઈ, તેનો ખ્યાલ પણ ન રહ્યો. ગાઢ નિદ્રામાં નહીં પણ ચિરનિદ્રામાં તે પોઢી ગયો.

બીજા દિવસે તેની ગેરહાજરીની નોંધ લેવાઈ. આજે તેને પાછો નથી કાઢવો. હમણાં આવશે તો છેવટે મારા ખિસ્સામાંથી તેને નાણાં આપીશ, બૅંક મૅનેજરે વિચાર્યું અને તેના ઇન્તિકાલની જાણ થતાં તેની કબર પર પૈસા મૂકી, પશ્ચાત્તાપ સાથે પાછા ફર્યાં.

માણસ પોતાના 'બેલેન્સ'નો વિચાર છોડી અન્યની 'બૅલેન્સ'નો વિચાર કરે તો અડધી ભીડ ઓછી થઈ જાય.

('પોસ્ટ ઑફિસ' વાર્તાના સુખ્યાત વાર્તાકાર 'ધૂમકેતુ'ની ક્ષમાયાચના સાથે)

*[નિરીક્ષક, ૧૬-૧૨-૨૦૧૬]*



# eBooksનો કિંમતી ખજાનો - તમારી અંગત eLibrary માટે

આ ઇ-સામયિક 'સંચયન' ઉપરાંત 'એકત્ર'ની એક બીજી મહત્ત્વની પ્રવૃત્તિ છે વી-ગ્રંથો (eBooks )નું પ્રકાશન.

- આજ સુધીમાં તેનાં પચાસ જેટલાં પ્રકાશનો થયાં છે. બીજાં સતત થયે જાય છે.
- એનું વૈવિધ્ય સાહિત્યનાં અને વિચાર-ચિંતનનાં અનેક સ્વરૂપોની કૃતિઓમાં પ્રસરેલું છે.
- 'એકત્ર'ની eBook એટલે માત્ર મુદ્રિત (printed) પુસ્તકનું વી-રૂપાંતર (e-version) જ નહીં. આપ કોઇપણ eBook ખોલશો કે તરત એનું મૂળ આવરણ આવશે; એ પછી એના લેખકનો ફોટોગ્રાફ, એ પછી લેખકનો તથા તે પુસ્તકનો ટૂંકો પણ રસપ્રદ પરિચય. પછી તમે પ્રવેશ કરશો પુસ્તકમાં.....
- આ બધાં જ પુસ્તકો, ઘણું ખર્ચ કરીને 'એકત્ર' તૈયાર કરે છે પણ આપ સૌ વાચકોને એ સપ્રેમ વિનામૂલ્યે આપે છે. ગુજરાતી સાહિત્ય અને ભાષા બધે આનંદપૂર્વક પ્રસાર પામે એવું અમારું મિશન છે. આ પુસ્તકો અંગે આપનો પ્રતિભાવ આવકાર્ય છે.
- આ બધાં જ પુસ્તકો www.ekatrafoundation.org પર તમે જોઈ શકશો, પસંદ કરીને વાંચી શકશો. તેમ છતાં આ રહી અમે તૈયાર કરેલાં નોંધપાત્ર પુસ્તકોની યાદી:

અરધી સદીની વાચનયાત્રા - 1-4 – સં. મહેન્દ્ર મેઘાણી
ખરા બપોર – જયંત ખત્રી
અશ્રુઘર – રાવજી પટેલ
અમૃતા – રઘુવીર ચૌધરી
જનાન્તિકે – સુરેશ જોશી
વિદિશા – ભોળાભાઈ પટેલ
ગિજુભાઈની બાળવાર્તાઓ – ગિજુભાઈ બધેકા
ગાંધીજીની જીવનયાત્રા – સં. મહેન્દ્ર મેઘાણી
અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ – નારાયણ દેસાઈ
સાત વિચારયાત્રા – સં. મહેન્દ્ર મેઘાણી
ભજનાંજલિ – કાકા કાલેલકર
ભવનું ભાતું – સં. મહેન્દ્ર મેઘાણી
ભેદની ભીંત્યુંને ભાંગવી – મનુભાઈ પંચોળી
અપરાજિતા – પ્રીતિ સેનગુપ્તા
ગાંધીજીની જીવનયાત્રા – સં. મહેન્દ્ર મેઘાણી
ગીતામંથન – કિશોરલાલ મશરૂવાળા
ખાંભીઓ જુહારું છું – ઝવેરચંદ મેઘાણી
શીંગડાં માંડતાં શીખવશું – મનુભાઈ પંચોળી
તિબેટના ભીતરમાં – સં. મહેન્દ્ર મેઘાણી
ભારેલો અગ્નિ – રમણલાલ વ. દેસાઈ
શું શું સાથે લઈ જઈશ હું ? – સં. મહેન્દ્ર મેઘાણી
સર્વોદય – મોહનદાસ ગાંધી
મારા ગાંધીબાપુ – ઉમાશંકર જોશી
રખડુ ટોળી – ગિજુભાઈ બધેકા
રવીન્દ્રનાથની રત્નકણિકાઓ – નગીનદાસ પારેખ
બાપુની છબી – કાકા કાલેલકર
ત્યારે કરીશું શું ? – લિયો ટોલ્સટોય
હિંદ સ્વરાજ – મોહનદાસ ગાંધી
હાસ્ય-માળાનાં મોતી – સં. મહેન્દ્ર મેઘાણી
જીવનનું પરોઢ – પ્રભુદાસ ગાંધી
સાત વિચારયાત્રા – સં. મહેન્દ્ર મેઘાણી
સર્વોદય – સં. મહેન્દ્ર મેઘાણી
વાચનયાત્રાનો પ્રસાદ – સં. મહેન્દ્ર મેઘાણી
મોરનાં ઈંડાં – કૃષ્ણલાલ શ્રીધરાણી
પદ્મિની – કૃષ્ણલાલ શ્રીધરાણી
જેલ ઓફિસની બારી – ઝવેરચંદ મેઘાણી
દિવ્યચક્ષુ – રમણલાલ વ. દેસાઈ
કુરબાનીની કથાઓ – ઝવેરચંદ મેઘાણી
મારી હકીકત – નર્મદ
બારી બહાર – પ્રહલાદ પારેખ

વી-ગ્રંથ

‘એકત્ર’ના વી-ગ્રંથોમાં અમે પુસ્તકની માત્ર સામગ્રી(Text) જ પ્રગટ કરવાને બદલે વાચકને એમાં યોગ્ય રીતે પ્રવેશ કરાવીએ છીએ. શરૂઆતમાં પુસ્તકનું સચિત્ર મુખપૃષ્ઠ(cover) તેમજ લેખકનો ફોટોગ્રાફ, અને એ પછી લેખક અને પુસ્તકના ટૂંકા, સરળ પરિચયો પણ મૂકીએ છીએ – જેથી વાચક માટે એ રસપ્રદ બની રહે.

‘એકત્ર’ના સર્વ વી-ગ્રંથોમાં આ સર્જક-કૃતિ પરિચયો ‘સંચયન’ના સંપાદક રમણ સોનીએ લખેલા છે.

# ‘એકત્ર’નો ગ્રંથ-ગુલાલ

## રામનારાયણ વિશ્વનાથ પાઠક

રામનારાયણ વિશ્વનાથ પાઠક (જ.8 એપ્રિલ, 1887 – અવ. 21 ઑગષ્ટ 1955) અનેક દિશાઓમાં જેમની શક્તિ પ્રગટ થઈ હતી એવા આપણા એક બહુમુખી પ્રતિભાવાળા સાહિત્યકાર હતા. સાહિત્ય અને ફિલસૂફીના અભ્યાસી રા. વિ. પાટકે આરંભે થોડાંક વર્ષ સાદરામાં વકીલનો વ્યવસાય કર્યો, પછી આઝાદીની લડતમાં જોડાયા ને પછી ગુજરાત વિદ્યાપીઠમાં અધ્યાપન કાર્ય કર્યું.

મુખ્યત્વે વિવેચક, પણ એમણે ‘શેષ’ એવા ઉપનામે કવિતા લખી, ‘દ્વિરેફ’ નામે વાર્તાઓ લખી, ‘સ્વૈરવિહારી’ ઉપનામથી નિબંધો લખ્યા. છંદશાસ્ત્રનો એમનો ગ્રંથ ‘બૃહત્પિંગળ’ એ વિષયનો ખૂબ જ મહત્ત્વનો ગ્રંથ ગણાય છે.

દરેક સ્વરૂપમાં એમણે ઉત્તમ કૃતિઓ આપી. વિવેચક તરીકે એમનું સ્થાન આજ સુધીના અગ્રણી વિદ્વાનોમાં આગલી હરોળમાં ગણાય છે. એ ગાંધી યુગના કાવ્યગુરુનું બિરૂદ પામેલા. ગુજરાતી સાહિત્યની ઉત્તમ કૃતિઓના વિવેચન ઉપરાંત સંસ્કૃતસાહિત્યની પ્રશિષ્ટ કૃતિઓવિશે પણ એમણે ઉત્તમ અભ્યાસો આપેલા છે . ‘પ્રસ્થાન’ સામયિકના તંત્રી તરીકે એમણે પંડિતયુગ અને ગાંધીયુગની સાહિત્ય- પ્રવૃત્તિને એક દિશા આપી.




## ‘દ્વિરેફ’ ની વાતો – ભાગ 1 (1928)

ઇ. 1920 આસપાસ જ્યારે ગુજરાતી ભાષામાં નવી વાર્તા આરંભ પામતી હતી, લગભગ પ્રાથમિક દશામાં હતી ત્યારે રામનારાયણ પાઠકે એક જ પ્રકારની વાર્તાઓ આપવાને બદલે પ્રયોગલક્ષી વિવિધતાવાળી વાર્તાઓ આપી. એમની આ પ્રયોગશીલ સર્જકતા વિષયવસ્તુમાં, ચરિત્રોના આલેખનમાં, લેખનશૈલી અને કથનની રીતિમાં એમ બધે સક્રિય રહેલી. એમણે બધું મળીને ચાળીસેક વાર્તાઓ લખી, એના ત્રણ સંગ્રહ થયા. પરંતુ દરેક વાર્તા નોખા રૂપની બની આવેલી. ‘જક્ષણી’, ‘ખેમી’, ‘છેલ્લો દાંડક્ય ભોજ’ તથા ‘મેહફીલે ફેસાને ગુયાન’ જૂથની વાર્તાઓ સાથે વાંચવાથી એનો ખ્યાલ આવશે.

રસપ્રદ કથન ઉપરાંત એમનામાં ખાસ પ્રકારની રમૂજશક્તિ છે એ એમની વાર્તાઓને આસ્વાદ્ય બનાવેછે. તો આવો, એ આસ્વાદ્યજગતમાં પ્રવેશકરીએ –

https://ekatra.pressbooks.pub/dvirefnivato/

Ekatra
Foundation

## Introduction

In 1929, Gujarat Vidyapidth published its first edition of સાર્થ ગૂજરાતી જોડણીકોશ, the Gujarati comprehensive dictionary. In the preface, Gandhiji wrote, “હવે પછી કોઇને સ્વેચ્છાએ જોડણી કરવાનોઅધિકાર નથી”. This was the beginning of a new epoch for Gujarati.

In the early eighteen century, people on the Indian subcontinent spoke many more dialects than are spoken today. Most dialects, including Gujarati, did not qualify as “language” because they lacked definitive dictionary and formal grammar. At that time, written materials consisted only of manuscripts. With the introduction of the printing press, publishers of Gujarati books offered books in quantities never imaginable before. This formalized Gujarati as a one of the official languages of India, in a time where many other dialects did not make the technological transition and thus are now endangered or even extinct.

Now, in the 21st century, we are experiencing another such tectonic shift, a move from paper book to digital. We feel that any language that does not make this transition will be in danger of becoming extinct by 2050. However, communities that choose to participate in this digital revolution are at a great advantage, as ubiquitous accessibility becomes common.

Every electronic device – from mobile phones to automobiles — will hold literature in the digital form and it will be accessible to people worldwide.

## Mission

**“Preserve and spread Gujarati literature through digitization”**

In the Western world, a similar successful effort, Project Gutenberg, created over 40,000 free books in digital format and was instrumental in making e-Book reader ubiquitous. Instantly, thousands of books from Shakespeare to Agatha Christie became available to eBook readers at no charge. Over 1,000 million downloads of free ebooks have already occurred. Once Gujarati books are digital, they will be instantly available on eBook readers and readable via Kindle, iPad, Android tablets and smart phones. In the digital form they will be fully searchable with any search engine.

## 2013-2014 Accomplishments

In a very short time, Ekatra picked up pace and involved numerous volunteers from across the world:

• Registered Ekatra Foundation as US not-for-profit organization

• Designed and test creation of ebook using both soft copy and physical books.

• Became the first entity to offer true digital Gujarati ebooks for free on the web, Kindle, iPad, Android tablets, Android smart phones, iPhone and regular computers.

• Built ebook conversion process. Ekatra created/obtained tools to convert proprietary fonts into Unicode, obtained access to Gujarati OCR, established standard ePUB template and created ePUB formatting guide to achieve efficient repeatable scalable process.

• Designed Ekatra Website and offer first 25 free books. Converted total of 50 books.

• Formed literary committee and selected 86 books for conversion. Received permission to convert 20 books.

• Received permission to offer over 50 books published by Lok-Milap Trust.

• Published 8 issues of bimonthly Gujarati e-digest, સંચયન.

• Established communication with leading Gujarati not-for-profit organizations including Gujarat Vidyapith, Gujarati Sahitya Parishad, Forbes Gujarati Sabha, Lok-Milap Trust and Gujarati branch of Wikipedia (વિકિસ્ત્રોત).

## 2015 Goals

• Esablish Ekatra as the premier online Gujarati literature digital library.

• Offer 1,000 free ebooks on Ekatra’s website.

• Offer the same on leading bookstores including Amazon, iBookstore, smashword.com and Flipkart.

• Publish 6 issues of સંચયન. Create awareness of the available Gujarati literary resources.

• Expand volunteer organization to support book conversion and proof reading tasks.

• Collaborate and share knowledge about digital books with other non-for-profit so they can also offer free digital books.

## Get Involved

While our volunteers are working on all fronts, we are seeking help with the following:

• Sourcing of selected books in physical or PDF form.

• Proofreading of OCR content

• Assistance in creating local Ekatra volunteer community

## Contact

Rajesh Mashruwala | mashru@ekatrafoundation.org

**Ekatra Foundation is a not for profit organization exempt under section 501(c)(3).**
**It's Federal ID is 46-2153818.**
**Public Charity Status: 509(a)(1) & 170(b)(1)(A)(vi) • Effective Date of Exemption: April 24, 2013.**